RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 12* Date: 06.11.2020 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### ૭૭,૧૧,૮૦૯ લોકો સ્વસ્થ્ય થયા, કુલ મોત ૧,૨૪,૩૧૫, એક્ટિવ કેસ ૫,૨૭,૯૬૨

# ભારતમાં કોરોનાના ફરી ૫૦,૦૦૦થી વધુ પોઝિટિવ કેસ: ૭૦૪ લોકોના મોત

*ન્યુ દિલ્હી,તા.૫*

ભારતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૫૦૨૧૦ નવા કેસ સામે આવ્યા છે. તેની સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૮૩,૬૪,૦૮૬ થઇ ગઇ છે. તેની સાથે જ છેલ્લાં ૨૪ કાલકમાં ૫૫૩૩૧ દર્દી સાજા થઇ ગયા છે. એટલે કે સાજા થનારા દર્દીઓની સંખ્યા નવા સંક્રમિતોથી વધુ છે. દેશભરમાં અત્યાર સુધી ૭૭ લાખ ૧૧ હજાર ૮૦૯ દર્દી સાજા થઇ ચૂકયા છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૭૦૪ દર્દીઓના મોત પણ થયા છે. અત્યાર સુધી દેશભરમાં કોરોનાથી કુલ ૧ લાખ ૨૪ હજાર ૩૧૫ લોકોના મોત થયા છે.

દેશમાં કોરોનાનો રિકવરી રેટ વધીને ૯૨.૨ ટકા થઇ ચૂકયો છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા માત્ર ૬.૩૧ ટકા રહી છે. દેશમાં કોરોનાથી ડેથ રેટ ઘટીને હવે ૧.૪૮ ટકા રહ્યો છે. જો કે હજુ પણ પોઝિટિવિટી રેટ ૪.૧૫ ટકા છે. દેશમાં હાલ કુલ એક્ટિવ કેસોની સંખ્યા ૫ લાખ ૭ હજાર ૯૬૨ છે. છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૧૨ લાખ ૦૯ હજાર ૪૨૫ સેમ્પલ ટેસ્ટ કર્યા છે. અત્યાર સુધી દેશભરમાં કુલ ૧૧ કરોડ ૪૨ લાખ ૮ હજાર ૩૮૪ સેમ્પલની તપાસ થઇ ચૂકી છે.

દેશમાં ફરીથી સંક્રમણની રફતાર તેજ થઇ છે. આની પહેલાં ૨૫ ઑક્ટોબરના રોજ કોરોના દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી ઉપર હતી. ત્યારે ૫૦૧૨૯ કેસ નોંધાયા હતા. આજે આ સંખ્યા તેનાથી વધુ થઇ ગઇ. જ્યારે વચ્ચે નવા દર્દીઓની સંખ્યામાં ઘટાડો આવ્યો હતો. છેલ્લાં ૨૪ કલાકમાં કેરળમાં સૌથી વધુ નવા દર્દી સામે આવ્યા છે. ત્યાં ૮૫૧૬ નવા કેસોની ઓળખ થઇ ગઇ છે. બીજા નંબર પર રાષ્ટ્રીય રાજધાની દિલ્હી છે,



જ્યાં ૬૮૪૨ નવા કેસ સામે આવ્યા છે. આ જ રીતે મહારાષ્ટ્રમાં ૫૫૦૫, પશ્ચિમ બંગાળમાં ૮૫૧૬ નવા દર્દીઓની ઓળખ થઇ છે. બીજા નંબર પર દિલ્હી છે જ્યાં ૬૮૨૪ નવા કેસ સામે આવ્યા છે. આ જ રીતે મહારાષ્ટ્રમાં ૫૫૦૫, પશ્ચિમ બંગાળમાં ૩૯૮૭ અને કર્ણાટકમાં ૩૩૭૭ નવા કેસ સામે આવ્યા છે.

છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં થયા છે. ત્યાં ૩૦૦ દર્દીઓના મોત થયા છે. પશ્ચિમ બંગાળમાં ૫૫, દિલ્હીમાં ૫૧, છત્તીસગઢમાં ૫૦ અને કર્ણાટકમાં ૩૪ દર્દીઓના મોત થયા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૮૦૫૮૩૮૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૨૪૮૪૮ લોકોના મોત નિપજયા છે જયારે ૩૧૮૮૭૦૯૫ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૪૯૪૬૪૪૨ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

### ગૃહમંત્રી અમિત શાહ બે દિવસના ચૂંટણીલક્ષી પશ્ચિમ બંગાળના પ્રવાસે

# મમતા બેનરજીની અત્યાચારી સરકારનો મૃત્યુઘંટ વાગી ગયો છે: શાહ



### મમતાદીદીએ કેન્દ્રની ૮૦થી વધુ યોજનાઓ રોકી રાખી છે, ભાજપ બે તૃત્યાંશથી બહુમતી સરકાર બનવા જઈ રહી છે, આજે શાહ મટુઆ સમુદાયના પરિવાર સાથે ભોજન કરશે

*કોલકાત્તા,તા.૫*

ગૃહ મંત્રી અમિત શાહના પશ્ચિમ બંગાળના પ્રવાસની શરૂઆત થઈ ચૂકી છે. ખાસ વાત એ છે કે ગૃહ મંત્રીના આ પ્રવાસને આવતા વર્ષે રાજ્યમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીની શરૂઆત માનવામાં આવી રહી છે. અમિત શાહે પહેલા દિવસે બિરસા મુંડાની મૂર્તિને પુષ્પાંજલિ અર્પીત કરી. આ દરમિયાન તેઓએ મમતા સરકાર પર ગરીબો સુધી યોજનાઓનો ફાયદો નહીં પહોંચાડવાનો આરોપ લગાવ્યો. આ પ્રવાસ દરમિયાન અમિત શાહ ચતુર્ડિહી ગામ જશે, જ્યાં તેઓ આદિવાસી પરિવારને ત્યાં ભોજન લેશે. શુક્રવારે પણ અમિત શાહ મટુઆ સમુદાયના પરિવાર સાથે ભોજન કરશે.

બિરસા મુંડાની મૂર્તિને પુષ્પાંજલિ કર્યા બાદ અમિત શાહે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં મમતા સરકારની વિરુદ્ધ લોકોમાં નારાજગી છે. જે રીતે દમન ચક્ર બીજેપી કાર્યકર્તાઓ ઉપર મમતા સરકારે ચલાવ્યું છે, હું નિશ્ચિત રીતે જોઈ રહ્યો છું કે મમતા સરકારનો મૃત્યુઘંટ વાગી ગયો છે. આવનારા દિવસોમાં અહીં બીજેપીની બે-તૃતીયાંશ બહુમતની સરકાર બનવા જઈ રહી છે.

અમિત શાહે કહ્યું કે, બંગાળના યુવાનોને નોકરી મળી રહે તે માટે અને બંગાળના ગરીબોને ગરીબીમાંથી બહાર કાઢવા માટે મમતા સરકારે ઉખાડીને ફેંકી દો. બંગાળમાં ભાજપને એક વખત અવસર તો આપો. જો અહીં ભાજપને ચૂંટી લાવશો તો અમે આવનારા દિવસોમાં વડાપ્રધાન મોદીના નેતૃત્વ હેઠળ શાનદાર બાંગ્લા દેશની રચના કરવા માટેના શક્ય તેવા તમામ પ્રયત્નો કરીશું.

બાંકુરામાં અમિત શાહે મમતા બેનર્જીની સરકાર ઉપર સવાલ ઉઠાવ્યા. તેઓએ કહ્યું કે, હું લોકોની આંખોમાં પશ્ચિમ બંગાળમાં પરિવર્તનની આશા જોઈ રહ્યો છું. આ બધું માત્ર આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જ શક્ય છે. તેઓએ કહ્યું કે મમતા સરકાર ગરીબો સુધી કેન્દ્ર સરકારની ૮૦થી વધુ સ્કીમોને પહોંચવા નથી દેતી. કોલકાતા પહોંચ્યા બાદ અમિત શાહ પૂર્વ મિદનાપુરના પટાસપુરના બીજેપી બૂથ ઉપાધ્યક્ષ મદન ઘોરાઈના પરિજનોને મળ્યા. ગૃહ મંત્રીએ આ મુલાકાતની જાણકારી ટ્વીટરના માધ્યમથી આપી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૯૯૦**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૭૭૫૯૮**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૦૫૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૬૧૬૨૫**

### સેનામાં જલ્દી મોટો ફેરફાર જોવા મળી શકે છે

# સીડીએસ સમક્ષ ડિપાર્ટમેન્ટ ઓફ મિલિટ્રી અફેયર્સ જવાનોએ રિટાયરમેન્ટ ઉંમર વધારવાની દરખાસ્ત કરી

ન્યુ દિલ્હી,તા.૫

ભારતીય સેનામાં જલદી મોટો ફેરફાર જોવા મળી શકે છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત સામે ડિપાર્ટમેન્ટ ઓફ મિલિટ્રી અફેયર્સે સેનાના જવાનો અને સૈન્ય અધિકારીઓની રિટાયરમેન્ટ ઉંમર વધારવાની દરખાસ્ત કરી છે. આ સાથે પેન્શનને લઈ પણ પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.

મીડિયા રિપોર્ટ મુજબ જનરલ બિપિન રાવત સામે વિભાગે આ પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ સિવાય પેન્શનને લઈ વિભાગે કહ્યું કે સમયથી પહેલા સેવા નિવૃત્તિ લેનાર અધિકારીઓની પેન્શન યોગ્યતાઓને સંશોધિત કરવામાં આવશે. એટલે કે તેમની પેન્શનમાં કાપ મૂકવામાં આવી શકે છે. માહિતી મુજબ આ બધી દરખાસ્તોને સેનામાં મેનપાવરના સર્વોચ્ચ ઉપયોગ માટે રજૂ



કરવામાં આવી રહી છે. હાલના પ્રસ્તાવોનું સમર્થન કરવા માટે કેટલાક અન્ય પ્રસ્તાવ પાઈપલાઈનમાં છે.

આપને જણાવી દઈએ કે ડિપાર્ટમેન્ટ મારફતે રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવ મુજબ કર્નલ અને સમકક્ષોની સેવા નિવૃત્તિની ઉંમર ૫૪થી વધારીને ૫૭ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ સિવાય બ્રિગેડિયર અને તેના સમકક્ષોની કામ કરવાની ઉંમરને ૫૬થી વધારીને ૫૮ કરવાનો પ્રસ્તાવ આપવામાં આવ્યો છે. આ સિવાય મેજર જનરલ્સ હાલ ૫૮માંથી ૫૯ વર્ષે નિવૃત્તિ લેશે. જ્યારે લેફ્ટિનેન્ટ જનરલની રિટાયરમેન્ટની ઉંમર ૬૦ વર્ષ જ રહેશે. એટલે આમાં કોઈ ફેરફાર નહીં થાય. લોજિસ્ટિક, ટેક્નિકલ અને મેડિકલ બ્રાન્ચમાં જૂનિયર કમીશંડ ઓફિસર અને જવાનોની રિટાયરમેન્ટની ઉંમર ૫૭ વર્ષ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સાથે જ આમાં ભારતીય સેનાની ઈએમઈ, એએસસી અને એઓસી બ્રાન્ચ પણ સામેલ થશે. મીડિયા રિપોર્ટ મુજબ વિભાગ દ્વારા પ્રસ્તાવિત સંશોધન મુજબ, જેઓ ૨૦-૨૫ વર્ષની સેવા બાદ નિવૃત્ત થશે તેમને ૫૦ ટકા પેન્શન આપવામાં આવશે. આ ઉપરાંત ૨૫-૩૦ વર્ષની સેવા બાદ નિવૃત્ત થનારા સૈનિકોને ૬૦ ટકા પેન્શન આપવામાં આવશે. આ ઉપરાંત ૩૫ વર્ષ બાદ નિવૃત્ત થનારા કર્મચારીઓને સંપૂર્ણ પેન્શન આપવામાં આવશે.

# ગુજરાતી મૂળના નીરજ અંતાણી ઓહિયોના પ્રથમ ભારતીય સેનેટર તરીકે ચૂંટાયા

વોશિંગ્ટન,તા.૫

ઓહિયો સ્ટેટ સેનેટમાં પહેલા ભારતીય મૂળના અમેરિકન તરીકે ચૂંટાઇ આવીને ૨૯ વર્ષીય રિપબ્લિકન નીરજ અંતાણીએ ઈતિહાસ રચ્યો છે. હાલમાં સ્ટેટ પ્રતિનિધિ એવા નીરજ અંતાણી મંગળવારે ડેમોક્રેટિક પાર્ટીના માર્ક ફોગેલને પરાજિત કરી ઓહિયો સ્ટેટ સેનેટના ૬ઠ્ઠા ડિસ્ટ્રિક્ટના સેનેટર તરીકે ચૂંટાઇ આવ્યા હતા. આ જિલ્લામાં મોન્ટગોમરી કાઉન્ટીના મોટાભાગના હિસ્સાનો સમાવેશ થાય છે. શપથ ગ્રહણ કર્યા પછી નીરજ અંતાણી ઓહિયોની સેનેટમાં પહેલા ભારતીય મૂળના સેનેટર બન્યાનો ઈતિહાસ રચશે.



ચૂંટણીનાં પરિણામ બાદ અંતાણીએ જણાવ્યું હતું કે, હું જે સમાજમાં જન્મ્યો અને ઉછર્યો તેના સમર્થન માટે ઘણો આભારી છું. મારા દાદા-દાદી તેમના મોટાભાગનું જીવન બ્રિટિશ શાસિત ભારતમાં જીવ્યાં હતાં. સાત દાયકા પહેલાં તેમને આઝાદી મળી હતી. તેમનો પૌત્ર અમેરિકાની સ્ટેટ સેનેટમાં સેનેટર તરીકે ચૂંટાઇ આવે તે અમેરિકાની સુંદરતા છે. મારા પર મૂકેલા વિશ્વાસ માટે હું મતદારોનો આભાર માનું છું. હું રાજ્યની સેનેટમાં તેમનો અવાજ બનીશ. અમેરિકાની ચૂંટણીમાં સલામ બોમ્બે ફેઈમ મીરા નાયરના પુત્ર જોહરાન મમદાનીએ ઈતિહાસ રચ્યો છે. જોહરાન ન્યૂયોર્કના ૩૬મા એસેમ્બ્લી જિલ્લા એસ્ટોરિયાના પ્રતિનિધિ તરીકે બિનહરીફ ચૂંટાઇ આવ્યા છે. મમદાનીએ ટ્વિટ કરીને જણાવ્યું હતું કે, મારા વિજયની સત્તાવાર ઘોષણા થઇ ચૂકી છે. હું અમીરો પર ટેક્સ લગાવવા, ગરીબોનાં કલ્યાણ અને સમાજવાદી ન્યૂયોર્કનાં નિર્માણ માટે અલ્બાની જઇ રહ્યો છું. આ કામ હું એકલો કરી શકતો નથી. આવો આપણે બધા આ આંદોલનમાં એકસાથે જોડાઇએ. અમેરિકામાં ચૂંટણીમાં ઓહિયો સ્ટેટમાં ભુજના ૨૯ વર્ષીય નાગર યુવાન નીરજ અંતાણી રિપબ્લિકન પાર્ટીના સેનેટ તરીકે ચૂંટાઈ આવ્યા છે. નોંધનીય છે કે, તેઓ અગાઉ ઓહિયો સ્ટેટમાંથી જ સ્ટેટ રિપ્રેઝન્ટેટિવ બન્યા હતા. પોલિટિકલ સાયન્સના સ્નાતક એવા નીરજ અંતાણી ૨૦૧૪માં ઓહિયો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં સ્ટેટ લો મેકર તરીકે સૌથી યુવા વયે ચૂંટાયા હતા.

# દાગી નેતાઓને કાયદા ઘડવાનો અધિકાર શા માટે?: સુપ્રીમ કોર્ટમાં એમીકસ ક્યૂરીએ દલીલ કરી

ન્યુ દિલ્હી,તા.૫

ન્યાયમિત્ર (એમીકસ ક્યૂરી)એ સુપ્રીમ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે જેમની સામે ક્રીમીનલ કેસ ચાલી રહ્યા હોય એવા 'દાગી' ધારાસભ્યો કે સાંસદો જનતા માટેના કાયદા શી રીતે ઘડી શકે. પહેલાં તેમની સામેના ક્રીમીનલ કેસ પૂરા કરવા જોઈએ. એ નિર્દોષ પુરવાર થાય તો જ એમને ધારા ઘડવાની માન્યતા મળવી જોઇએ

સિનિયર ધારાશાસ્ત્રી વિજય હંસારિયા જસ્ટિસ એન વી રમણની કોર્ટ અધ્યક્ષતા ધરાવતી બેંચમાં પોતાની દલીલો રજૂ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે જે સાંસદો કે ધારાસભ્યો નિર્દોષ પુરવાર થાય એ જ આમ આદમી માટે કાયદા ઘડી શકે. દાગી સભ્યોને આમ આદમી માટે કાયદા ઘડવાનો અધિકાર મળી શકે નહીં. અત્યારે ઘણા એવા સાંસદો અને ધારાસભ્યો છે જેમની સામે ક્રીમીનલ કેસ ચાલી રહ્યા હોવા છતાં એ લોકો કાયદા ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. તેમણે કહ્યું કે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આવા નેતાઓ સામે કેસ ચાલી રહ્યા હોય એ કોર્ટના જજને બે વર્ષ સુધી એ હોદ્દા પર રહેવા દેવા જોઇએ અને કેસ સમયસર પૂરો થાય એની તકેદારી લેવાવી જોઇએ. સાથોસાથ રાજ્ય સરકારોએ નોડલ પ્રોસિક્યુશન ઑફિસરની નિયુક્તિ કરવી જોએ. હંસારિયાએ કોર્ટનું ધ્યાન એ હકીકત તરફ ખેંચ્યું હતું કે અત્યારે આવા ઘણા ધારાસભ્યો અને સાંસદો પ્રધાનપદું ભોગવી રહ્યા હતા.

આવા ક્રીમીનલ કેસના નિકાલ માટેની સ્પેશિયલ કોર્ટની સંખ્યા પણ ખૂબ ઓછી હોવાનું હંસારિયાએ સુપ્રીમ કોર્ટને કહ્યું હતું. થોડા સમય પહેલાં સુપ્રીમ કોર્ટે ક્રીમીનલ કેસ ધરાવતા ભૂતપૂર્વ અને વર્તમાન ધારાસભ્યો તેમજ સાંસદોની ધરપકડ કરવામાં પોલીસ દ્વારા દાખવાતી બેદરકારીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે પોલીસે પોતાની ફરજ નિષ્પક્ષપણે બજાવવી જોઇએ. કોર્ટે કહ્યું હતું કે પોલીસ આવા લોકોના દબાણ હેઠળ આવી જતી હોવાથી ન્યાયપ્રક્રિયાને હાનિ પહોંચે છે. સંબંધિત પોલીસ ઑફિસરના પ્રમોશન સાથે આવા નેતાઓ સંકળાયેલા હોવાથી પોલીસ પગલાં લેતાં અચકાતી હોય છે એમ જસ્ટિસ રમણે કહ્યું હતુ.

## તંત્રી સ્થાનેથી...

# તુડ મિજાજી ટ્રમ્પના નિર્ણયોએજ પોતાની ઘોર ખોદી, બાઈડેન રાષ્ટ્રપતિપદની નજીક....!

*વિશ્વભરના દેશોની નજર અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો પર અટકી ગઈ છે. ત્યારે ચૂંડ જીજાજી ટ્રમ્પની હાર પણ અનેક લોકો ઈચ્છતા હતા..... તેના પ્રત્યાઘાત અમેરિકાના મતદારો એ આપી દીધા છે. રાષ્ટ્રપતિ પદ માટેના વિધાતા અમેરિકી મતદારોએ ચાલી રહેલ મતગણનામાં ટ્રમ્પને ફક્ત ૨૧૪ ઈલેક્ટોરલ વોટ મળ્યા છે ત્યારે તેમને જોરદાર રીતે લડત આપતા બાઈડનને ૨૬૪ મતો મળ્યા છે. નિયમો અનુસાર જીતવા માટે ઉમેદવારને ૨૭૦ ઈલેક્ટોરલ વોટ જોઈએ. મતલબ બાઈડનને જીતવા માટે માત્ર ૬ વોટની જરૂર છે. લાખો મતની ગણતરી ચાલી રહી છે ત્યારે હાર ભાળી ગયેલા તુંડ મીજાજી ટ્રમ્પે પુનઃ એકવાર અમેરિકાની પ્રજાને પોતાના મિજાજનો પરિચય આપી દીધો છે.... તેમણે આ મતદાનમાં દગાખોરી થઈ હોવાનો દાવો કરતાં કહ્યું કે તેઓ આ મત ગણના રોકવા માટે સર્વોચ્ચ ન્યાયાલયમાં જશે. જ્યારે કે હવે મહત્ત્વના રાજ્યોની મત ગણતરી ચાલી રહી છે. જે જાહેર કરવામાં બાકી છે ત્યારે ટ્રમ્પે દાવો કર્યો છે હું રાષ્ટ્રપતિની ચૂંટણી જીતી રહ્યો છું. જ્યારે બાઈડનએ પણ દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિ ચૂંટણી જીતવા તરફ જઈ રહ્યો છું. જો કે અમેરિકામાં જે પ્રકારે જે પ્રકારે ×ગન× કલ્ચરનુ રાજ્ય છે તેમાં એકે ૪૭ જેવી રાયફલ તેમજ અનેકો હાથમાં ગન સાથે પ્રચાર કરી રહ્યા હતા અને અત્યારના મતગણના ચાલી રહી છે ત્યારે બંન્નેના ટેકેદારો એક બીજાની સામે સામે આવી વિરોધ કરી રહ્યા છે. તેના કારણે અમેરિકાના લોકોમાં ભય ફેલાઈ ગયો છે. અમેરિકાના ઈતિહાસમાં પ્રથમવાર ૨૦૨૦ ની રાષ્ટ્રપતિની ચૂંટણી ભાગલાવાદી અને કડવાશ ભરી બની ગઈ છે. દરમ્યાન ટ્રમ્પે ચૂંટણીને અમેરિકાના લોકોની સાથે દગાખોરી બતાવી છે જોકે ક્યાં અને કઈ રીતે ગરબડ થઈ છે તે બતાવ્યા વિના જ કહ્યુ કે ×અચાનક બધું અટકી ગયું×, આ અમેરિકન પ્રજા સાથે દગો છે,દેશ માટે શરમની વાત છે. તેમણે વ્હાઈટ હાઉસ ખાતે બુધવારે એક ભાષણમાં કહ્યું હતું કે ×અમે મોટી ઉજવણી કરવાની તૈયારીમાં હતાઅમો જીતી રહ્યા હતા... પરંતુ અચાનક બધુ બદલાવી દેવામાં આવ્યુ×...... તેમણે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે મતદાન રોકવામાં આવે, અમો સર્વોચ્ચ અદાલતમા જઈશું. અમારું લક્ષ્ય હવે આ દેશની ભલાઈ માટે અને અખંડતા સુનિશ્ચત કરવાનું છે. ટ્રમ્પના ભાષણના પડઘા અમેરિકા ભરમાં પડ્યા છે અને આમ લોકો ટ્રમ્પની ટીકા કરવા લાગ્યા છે. તો અમેરિકાના મુખ્ય મીડિયાએ રાષ્ટ્રપતિ ટ્રમ્પની આકરી આલોચના કરી છે. મતલબ ટ્રમ્પને સત્તાનો વળગાડ એવો લાગ્યો છે કે તેઓ રાષ્ટ્રપતિ પદ છોડવા માગતા નથી.... પરંતુ તેઓ એ નથી સમજતા કે રાવણ જેવા દસ માથા વાળા ના રાજપાટ પણ ખતમ થઈ ગયા .....!*

*અમારા અગાઉના એક લેખમાં ઉલ્લેખ કરેલો હતો કે ભારતીય મૂળના કમલા હેરીસ બાઈડન સાથે ઉપરાષ્ટ્રપતિ પદ માટેના ઉમેદવાર છે. કમલા હેરિસ એટલું મોટું માથું છે કે એશિયન પ્રજા તેમની સાથે છે. તેમનો રોલ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં મહત્વનો રહ્યો છે.જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી સમયમાં જે નિર્ણયો લીધા તેના કારણે પ્રજા નારાજ હતી તે સાથે અમેરિકન કંપની માલિકો પણ નારાજ હતા. ઉપરાંત કોરોના મહામારી સમયમાં લોકોને બચાવવા માટે મહત્વ ન આપતા અર્થતંત્રને મહત્વ આપ્યું તે કારણે બે કરોડથી વધુ અમેરિકનોના મૃત્યુ થયા.... જેના કારણે મતદારો નારાજ હતા. ઉપરાંત મેં માસમાં પોલીસના હાથે જ્યોર્જ ફ્લાઈડનું મોત થતાં અશ્વેત આંદોલનનો ભડકો થયો હતો.... તો વાયુ પ્રદૂષણને લઈને ભારત,ચીન,રશિયા પર આક્ષેપો કરી ઘેરી રહ્યા હતા તથા અમેરિકાના કામદારોનાં હિતોની રક્ષાના બહાને વિઝા નિયમો કડક બનાવતા સમગ્ર અમેરિકામાં માટે નારાજગી ફરી વળી હતી. અને આવા સમયમાં બાઈડને વિઝા નિયમો હળવા કરવાનો વાયદો આપ્યો તેમજ ચૂટાયા પછી કોઈ મારું દુશ્મન નથી, દરેકનો રાષ્ટ્રપતિ બનીને રહીશ આ કારણે ટ્રમ્પનો પીળા પાના ઉપર મતદારોએ હવાલો નાખી દીધાનુ ચિત્ર બનવા જઈ રહ્યું છે અને બાઈડન અમેરિકાના રાષ્ટ્રપતિ બનવા તરફ આગળ વધી રહ્યા છે......!*

# બિહારના ભાગલપુરમાં ૧૦૦ લોકોથી ભરેલી હોડી પલટી જતાં ૫ લોકોના મોત

પટના,તા.૫

બિહારના ભાગલપુરમાં સૌથી મોટી દુર્ઘટના સર્જાઈ છે. જેમાં બોટ પલટતા પાંચ લોકોનાં કરૂણ મોત નીપજ્યાં છે, જ્યારે ઘણા લોકો ગાયબ હોવાનું જાણવા મળ્યું છે. આ બોટ પર ૧૦૦ લોકો સવાર હતા. ઉલ્લેખનીય છે કે આ ગમ્ખવાર અકસ્માત નૌગાછીયાના કરારી તીનટંગા દિયારામાં સર્જાયો હતો. ગંગાની ઉપધારામાં બોટ પલટી ખાઈ ગઈ હતી. નોંધનીય છે કે આ બોટમાં ખેતરમાં મજૂરી કામ કરનારા લોકો સવાર હતા.

નોંધપાત્ર છે કે સૂત્રો પાસેથી અહેવાલ પ્રાપ્ત થયા છે કે આ બોટમાં ૧૦૦ લોકો સવાર હતા. ઘટનાની જાણ થતા એસડીઆરફની ટીમ રવાના થઈ ગઈ છે. અત્યાર સુધી પાંચ લાશો મળી આવી છે, જ્યારે ૧૫ લોકોની હાલત ગંભીર છે.ઉલ્લેખનીય છે કે અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે કે ગુરુવાર સવારે તિનટંગાથી ઘણા લોકો દિયારા જવા માટે બોટથી નિકળ્યા હતા.

નોંધનીય છે કે આ બોટમાં મહિલાઓ પણ શામેલ હતી. ઉલ્લેખનીય છે કે બોટ બહિયાર ઘાટથી રવાના થઈ ત્યારે હાલાત સામાન્ય હતા. જેવી બોટ દર્શનિયા ઘાટ તરફ પહોંચી ત્યારે પાણી ઝડપી પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે આ પ્રવાહમાં ફસાઈ જવાને કારણે બોટ પલ્ટી ખાઈ ગઈ, આ દુર્ઘટના સર્જાઈ ત્યારે ૧૦૦ લોકો બોટ પર સવાર હતા.

# સુરક્ષિત-અસરકારક કોરોના વેક્સિન જાન્યુઆરીમાં લોન્ચ થઈ શકે છે: પૂનાવાલા

ન્યુ દિલ્હી,તા.૫

કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે ભારતને લઈને સારા સમાચાર આવ્યા છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓના જણાવ્યા પ્રમાણે આગામી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં દેશને કોરોના વાયરસની વેક્સીન મળી શકે છે. વેક્સીનની કિંમતને લઈને સરકાર સાથે વાતચીત ચાલી રહી હોવાનું પણ પુનાવાલાએ જણાવ્યું હતું.




સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ આદર પૂનાવાલાએ જણાવ્યું હતું કે, એક સુરક્ષીત અને અસરકારક વેક્સીન આગામી વર્ષની શરૂઆતમાં લોંચ થઈ શકે છે. પૂનાવાલાની કંપની ભારતમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાજેનેકાની બનાવેલા કોરોનાની વેક્સીન કોવિશિલ્ડનું માણસો પર ટ્રાયલ અને તેનું ઉત્પાદન કરી રહી છે. પૂનાવાલાના મતે જો આ ટ્રાલય સફળ રહી અને રેગુલેટરી બોડીઝ તરફથી મંજુરી મળી જાય તો વેક્સીન ૨૦૨૧માં ભારતમાં આવી શકે છે.

ઓક્સફર્ડ-એસ્ટ્રાજેનેકાના કોવિડ વેક્સીન કેંડિડેટના લેટ સ્ટેજ ટ્રાયલના પરિણામો આગામી મહિને જ સામે આવી શકે છે. જીંએ કહ્યું હતું કે, ભારતમાં વેક્સીનની ટ્રાલયમાં સુરક્ષા સંબંધિત કોઈ સમસ્યા સામે આવી નથી.

આદર પૂનાવાલાએ કહ્યું હતું કે, ભારત અને યૂકેમાં ટ્રાયલની સફળતા બાદ મંજુરી મળે છે કે એમ તેના પર નિર્ભર રહેશે કે વેક્સીન કેટલા સમયમાં મળવાની શરૂ થઈ જશે. જો વધુ સમુસુતરૂ પાર પડ્યું તો જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં દેશને વેક્સીન મળી જશે. જોકે તે અસરકારક અને સુરક્ષીત હોવી જરૂરી છે. કોવિશીલ્ડ વેક્સીનને લઈને કોઈ જ ચિંતાજનક વાત નથી. ભારતમાં હજારો લોકોને તેના ડૉઝ આપવામાં આવી ચુક્યા છે. જોકે વેક્સીનની લાંબાગાળાની અસરો તપાસવામાં હજી ૨ થી ૩ વર્ષ લાગી શકે છે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓના જણાવ્યા પ્રમાણે, કોવિશીલ્ડ વેક્સીન કેટલા સમયમાં મળશે તેને લઈને સરકાર સાથે તેમની વાતચીત ચાલી રહી છે. સાથો સાથ એ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે, લોકોને આ વેક્સીન પોસાય તેવા ભાવે પુરી પાડવામાં આવે. જોકે અમે પણ એ વાતને લઈને નિશ્ચિત છીયે કે, આ વેક્સીન બધાને જ પરવડશે તેવી હશે.

# દિલ્હી ઝડપથી કોરોના કેપિટલ બની રહ્યું છે, આપ સરકારના તમામ દાવો નિષ્ફળ: હાઈકોર્ટ

ન્યુ દિલ્હી,તા.૫

રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસનો ફેલાવો ઝડપથી થઈ રહ્યો છે. જેના કારણે દિલ્હી હાઈકોર્ટે દિલ્હી સરકારને ઉધડી લઈ લીધી છે. હાઈકોર્ટે કહ્યું કે મહામારી સરકાર ઉપર પુરી રીતે હાવી થઇ ગઇ છે અને દિલ્હી ઝડપથી કોરોના કેપિટલ બની રહ્યું છે. હાઈકોર્ટે કહ્યું કે દિલ્હી સરકાર દ્વારા લેવામાં આવેલા પગલા નિષ્ફળ થઇ રહ્યા છે.

જસ્ટિસ હીમા કોહલી અને એસ. પ્રસાદની બેંચે નગર નિગમના સેવાનિવૃત કર્મચારી કલ્યાણ સમિતિ અને બીજા લોકો તરફથી દાખલ કરવામાં આવેલી યાચિકા ઉપર સુનવણી દરમિયાન આ વાત કહી છે. હાઈકોર્ટે કહ્યું કે જે ઝડપથી દિલ્હીમાં કોરોનાનો ફેલાવો થઇ રહ્યો છે, તેને જોતા દિલ્હી ઝડપથી કોરોનાની રાજધાની બની જશે. દિલ્હી સરકાર દ્વારા કોરાનાને લઈને અનેક દાવાઓ કરવામાં આવ્યા છે. તો કહે છે કે તેઓ કોરોનાના સૌથી વધારે ટેસ્ટ કરી રહ્યા છે. આમ છતા કોરોના કેસમાં ઝડપથી વધારો થઇ રહ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે સરકારને ઘણા સવાલોના જવાબ આપવા પડશે.

ઉલ્લેખનીય છે કે રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના એક દિવસમા સૌથી વધારે ૬૮૪૨ કેસ સામે આવ્યા છે. જેની સાથે જ કોરોના કેસનો કુલ આંક ૪.૦૯ લાખ પર પહોંચ્યો છે. દિલ્હીમાં પહેલીવાર કોરોનાના સૌથી વધારે ૬૮૦૦થી વધારે કેસ સામે આવ્યા છે. આ પહેલા મંગળવારે રાજધાની દિલ્હીમાં કોરોનાના ૬૭૨૫ કેસ સામે આવ્યા હતા.

# ઈડીએ ચંદા-દિપક કોચર અને ધૂત સામે પ્રથમ ચાર્જશીટ દાખલ કરી

ન્યુ દિલ્હી,તા.૫

આઈસીઆઈસીઆઈ બેંક-વીડિયોકોન કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે એક મોટી કાર્યવાહી કરી છે. માહિતી મુજબ આઈસીઆઈસીઆઈ બેંકના ભૂતપૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી અને મેનેજિંગ ડિરેક્ટર ચંદા કોચર, તેમના પતિ દિપક કોચર અને વીડિયોકોન ગ્રુપના પ્રમોટર વેણુગોપાલ ધૂત વિરુદ્ધ ઈડીએ પહેલી ચાર્જશીટ દાખલ કરી છે.

મળતી માહિતી મુજબ ઈડીએ મની લોન્ડ્રિગ નિવારણ કાયદાની કલમ હેઠળ આ ચાર્જશીટ દાખલ કરી છે. આપને જણાવી દઈએ કે સીબીઆઇ દ્વારા કોચર, ધૂત અને અન્ય વિરુદ્ધ એફઆઈઆર દાખલ કર્યા બાદ ઈડીએ મની લોન્ડ્રિંગનો ગુનો નોંધ્યો હતો. ત્યાર બાદ ઈડીએ સપ્ટેમ્બર મહિનામાં દિપક કોચરની ધરપકડ કરી હતી. જોકે, આ દરમિયાન દિપક કોચર કોરોના પોઝિટિવ આવ્યા હતા તેથી તેમણે હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ઈડીએ કોચર દંપતી અને તેમની કારોબાર એકમ પર વીડિયોકોન ગ્રુપની કંપનીઓને ૧,૮૭૫ કરોડ રૂપિયાની લોન ગેરકાયદેસર તરીકે આપવા અને મની લોન્ડ્રિંગના આરોપ હેઠળ કેસ દાખલ કર્યો છે. ઈડી મુજબ ચંદા કોચરની આગેવાની હેઠળની સમિતિએ વીડિયોકોન ઈન્ટરનેશનલ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડને ૩૦૦ કરોડ રૂપિયાની લોન આપી હતી.

# અમેરિકી ચૂંટણી: ૧૬૭ અબજોપતિઓની સંપત્તિમાં ૫૭.૪ અબજ ડોલરનો વધારો

ન્યૂયોર્ક,તા.૫

અમેરિકાની ચૂંટણીના પરિણામને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી હોવા છતાં પણ અમેરિકાના સંપત્તિવાનોની સંપત્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. સિલિકોન વેલીના ટેક બિલિયોનરોએ માટે આ અત્યંત રસાકસીવાળી ચૂંટણી જોઈ રહ્યા છે. આ ચૂંટણીમાં ભલે ગમે તે જીતે પરંતુ અમેરિકાના ૧૬૭ અબજપતિઓ માટે બુધવારનો દિવસ શુકનવંતો રહ્યો હતો. આ દિવસે અમેરિકાના ૧૬૭ અબજપતિઓની સંપત્તિ ૫૭.૪ અબજ ડોલર વધી હતી. છેલ્લા પાંચ મહિના દરમિયાન જોવા મળેલી મોટી રેલીના લીધે આ શક્ય બન્યું હતું. એમેઝોનના જેફ બેઝોસની સંપત્તિ ૧૦.૫ અબજ ડોલર વધી હતી, જ્યારે ફેસબૂકના ઝુકરબર્ગની સંપત્તિ ૮.૧ અબજ ડોલર વધી હતી. આમ ટ્રમ્પ અમેરિકાના અબજપતિઓને બધી રીતે ફળ્યા છે. ટ્રમ્પના પ્રથમ કાર્યકાળમાં ઈક્વિટી માર્કેટમાં નોંધપાત્ર ઉછાળા અને જંગી કર કપાતના લીધે જેફ બેઝોસ અને માર્ક ઝુકરબર્ગ બંનેની સંપત્તિ વધી હતી. બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સ મુજબ અમેરિકનોની નેટવર્થ ૨૦૧૬ના રોજ ૧.૮ લાખ કરોડ ડોલર હતી જે ઓક્ટોબરના અંતે ૨.૮ લાખ કરોડ ડોલર હતી.

ઉબેરના સહસ્થાપક ગેરેટ કેમ્પની સંપત્તિ એક જ દિવસમાં ૩૫ કરોડ ડોલર વધી ૩.૪ અબજ ડોલર થઈ હતી. બ્લૂમબર્ગ ઈન્ડેક્સમાં વિશ્વના ૫૦૦ સૌથી સમૃદ્ધ વ્યક્તિઓમાં સ્થાન પામનારા આ એકમાત્ર એક્ઝિક્યુટિવ છે. રાઈડ હેઈલિંગ અને ફૂડ ડિલિવરી કંપનીઓએ પ્રમુખપદની ચૂંટણીના પ્રચાર અભિયાનમાં વિક્રમજનક ૨૦ કરોડ ડોલર ઠાલવ્યા હતા. ઉબેર અને લિફ્ટ જેવી કંપનીઓ વર્ષે કર્મચારી ખર્ચ પેટે જ દસ કરોડ ડોલર બચાવી લેવાની હોવાથી તેમને આ ખર્ચ લેખે લાગ્યો હોવાનો અંદાજ છે.

# દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૦ને વટાવી ગયો, પ્રદૂષણમાં બેફામ વધારો

ન્યુ દિલ્હી,તા.૫

પાટનગર નવી દિલ્હીમાં પ્રદૂષણ બેફામ વધી ગયું હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી અને એનસીઆરમાં ઘણાં સ્થળે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૦ના આંકને વટાવી ગયો હતો. વહેલી સવારે ધૂમ્મ્સ જેવું પ્રદૂષણ એટલું સઘન હોય છે કે ચાર પાંચ ફૂટ દૂરનું કશું નજરે પડતું નથી.

આજે સવારે ગાઢ ધૂમ્મસ જેવું વાતાવરણ સર્જાયું હતું. જો કે એ ધૂમ્મસ નહીં પણ પ્રદૂષણ હતું. ખાસ કરીને દિલ્હીનું ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, આઈટીઓ, રોહિણી, દ્વારકા અને આનંદ વિહાર જેવા વિસ્તારોમાં વિઝિબિલિટી શૂન્ય હતી. હવાની ગુણવત્તા પણ અત્યંત ખરાબ હતી. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે જણાવ્યા મુજબ આઈટીઓમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૬૦થી પણ વધુ હતો. દ્વારકામાં ૪૬૪, રોહિણીમાં ૪૭૮, અશોક વિહારમાં ૪૬૪, જહાંગીર પુરીમાં ૪૯૧, આનંદ વિહારમાં ૪૬૮ અને ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર ૪૪૭ હતો. પર્યાવરણની દ્રષ્ટિએ આ સૌથી ઝેરી હવા હતી. ૪૦૧થી ૫૦૦ સુધીનો ઈન્ડેક્સ સૌથી ઝેરી ગણાય છે અને એ આરોગ્ય માટે ખતરનાક હોવાનો નિષ્ણાતોનો અભિપ્રાય હતો.

## આ મારી અંતિમ ચૂંટણી, અંત ભલા તો સબ ભલા: નીતિશ કુમાર

# પ્રચારના અંતિમ દિવસે નીતિશકુમારનો મોટો દાવ: આ મારી છેલ્લી ચૂંટણી છે

પટના,તા.૫

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રચારના અંતિમ દિવસે મુખ્યમંત્રી નીતિશ કુમારે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, આ તેમની અંતિમ ચૂંટણી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે પૂર્ણિયામાં જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, જાણી લો આજે ચૂંટણીનો અંતિમ દિવસ છે અને પરમ દિવસે ચૂંટણી છે. આ મારી અંતિમ ચૂંટણી છે. અંત ભલા તો સબ ભલા.

ઉલ્લેખનિય છે કે, બિહાર વિધાનસભાની ચૂંટણીઓ ચાલી રહી છે અને આ ચૂંટણીને લઈને રાજકિય પાર્ટીઓ દ્વારા પ્રચાર-પ્રસાર જોરશોરથી થઈ રહ્યો છે. આ વચ્ચે નીતિશ કુમારનું આ નિવેદન સામે આવ્યું છે.

નીતિશ કુમારે વર્ષ ૧૯૭૨માં બિહાર એન્જીનિયરિંગ કોલેજમાં અભ્યાસ કર્યો. તેમણે થોડાં સમય માટે બિહાર સ્ટેટ ઈલેક્ટ્રીસિટી બોર્ડમાં નોકરી પણ કરી પરંતુ જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા જેવા નેતાઓના સંપર્કમાં આવ્યા બાદ તેઓ રાજનીતિમાં આવ્યા.

ઉલ્લેખનિય છે કે, નીતિશ કુમારે વર્ષ ૧૯૭૭માં પોતાની પહેલી ચૂંટણી લડી હતી. તેમણે નાલંદાના હરનૌતથી ચૂંટણી લડી હતી. અહીંથી નીતિશ કુમાર ચાર વખત ચૂંટણી લડી જેમાં તેમણે ૧૯૭૭ અને ૧૯૮૦માં હાર મળી, જ્યારે ૧૯૮૫ અને ૧૯૯૫ની ચૂંટણીમાં તેમની જીત થઈ હતી.

# હરિયાણામાં લઠ્ઠાકાંડ: ૪ દિવસમાં ઝેરી દારૂ પીવાથી ૩૨ લોકોએ ગુમાવ્યો જીવ

ચંડીગઢ,તા.૫

હરિયાણામાં ૪ દિવસમાં જ ઝેરી દારૂ પીવાથી ૩૨ લોકોના મોત થયા છે. હરિયાણાના પાનીપત અને સોનીપત જિલ્લામાં ઝેરી દારૂ પીવાથી લોકોએ જીવ ગુમાવ્યો હતો. પાનીપત જિલ્લામાં ત્રણ લોકોના ઝેરી દારૂ પીવાથી મોત થયા હતા જેમના અંતિમ સંસ્કાર પરિવારજનોએ કરી દીધા હતા. જ્યારે ગુરૂવારે પણ ચાર લોકોના દારૂ પીવાથી મોત થતા પાનીપતમાં આંકડો સાત પર પહોચી ગયો હતો.



હરિયાણામાં ઝેરી દારૂ પીવાથી મોત થતા પરિવારજનો મૃતદેહને અંતિમ સંસ્કાર માટે સ્મશાન ઘાટ લઈ ગયા હતા. બનાવની જાણ થતા જ પોલીસ ત્યા પહોચી હતી અને શબોને પોતાના કબજામાં લઈ લીધા હતા અને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યા હતા ડીએસપી સમાલખા પ્રદીપ કુમાર પણ ઘટનાસ્થળે પહોચી ગયા હતા. સીઆઈએ પોલીસ કેસની તપાસ કરી રહી છે. ડીએસપી પ્રદીપ કુમારે જણાવ્યુ કે જે મહિલા પાસેથી દારૂ ખરીદવામાં આવી હતી તેની અટકાયત કરવામાં આવી છે, જેની પૂછપરછ ચાલુ છે કે તે દારૂ ક્યાથી લાવતી હતી. સોનીપતની કોલોનીમાં લોકોના શંકાસ્પદ સ્થિતિમાં મોત થઇ રહ્યા છે. અહી ૧૨ કલાકમાં રિટાયર્ડ સીઆરપીએફના જવાન સહિત સાત લોકોએ જીવ ગુમાવ્યો છે. માત્ર ત્રણ દિવસમાં જ અત્યાર સુધી ૨૪ લોકોના મોત થયા છે. જેમાં મોટાભાગના મોત દારૂ પીધા બાદ થયા હોવાનું જાણવા મળે છે.

આ ઘટના સામે આવતા જ ડીસી અને એસપી ખુદ કોલોનીમાં પૂછપરછ કરવા માટે પહોચ્યા હતા અને દારૂ પીવાથી સ્થિતિ બગડતા હોસ્પિટલમાં દાખલ લોકોની પૂછપરછ પણ કરી હતી. જેમણે ખુદ જણાવ્યુ કે ગેરકાયદેસર રીતે દારૂ ખરીદીને પીધા બાદ તેમની સ્થિતિ બગડી છે. તે બાદ આ કેસની તપાસ શરૂ કરવામાં આવી છે. ૨૪ લોકોના મોત પછી સોનીપત પોલીસે ખરખૌદા વોર્ડ એક સ્થિત મકાનમાં રેડ કરીને નકલી દારૂ તૈયાર કરવાની એક ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. આ કાર્યવાહીમાં પોલીસે એક યુવકની ધરપકડ કરી છે, જે નકલી દારૂ તૈયાર કરીને લોકોને વેચતો હતો.

## અલ્હાબાદ હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# પત્નિ પિયરમાં રહેતી હોય તો પણ ભરણ-પોષણની જવાબદારી પતિની રહેશે

લખનૌ,તા.૫

અલ્હાબાદ હાઈકોર્ટે માતા-પિતા, પત્ની અને બાળકોને ભથ્થું આપવાના મામલે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કોર્ટનું કહેવું છે કે, આખા કુટુંબનું ભરણ-પોષણ કરવું એ વ્યકિતની કાનૂની, નૈતિક, સામાજિક જવાબદારી અને પ્રતિબદ્ધતા છે. હકીકતમાં, ઝાંસી ફેમિલી કોર્ટમાં એક કેસ સામે આવ્યો હતો, જેમાં પતિએ પિયરમાં રહેતી પત્નીને ભથ્થુ આપવાનો ઈનકાર કરી દીધો હતો. જયારે આ મામલો ફેમિલી કોર્ટથી હાઈકોર્ટમાં પહોંચ્યો ત્યારે કોર્ટે પતિની અરજીને ફગાવી દીધી હતી કે, ભારતીય સમાજમાં લગ્ન મહત્વપૂર્ણ છે. માતાપિતાનું સપનું હોય છે કે, પુત્રીને તેના સાસરે પિયર કરતાં વધુ પ્રેમ મળવો જોઈએ. પરંતુ જયારે પુત્રી પર જુલમ થાય છે, ત્યારે માતાપિતાના સપના તૂટી જાય છે અને તેઓને આઘાત લાગે છે. જયારે પત્ની પોતાનું ઘર છોડીને સાસરીના ઘરે આવે છે, ત્યારે તે પતિની જવાબદારી છે અને નૈતિકતાનું પાલન કરવું તે પતિની ફરજ છે.

કોર્ટે ફેમિલી કોર્ટ ઝાંસીની એક મા અને દિકરીને ભરણ-પોષણ તરીકે દર મહિને ૩૫૦૦ રૂપિયા આપવાના આદેશને માન્ય ગણાવ્યો છે. આ સાથે જ કોર્ટે આદેશની માન્યતાને પડકારતા પિટિશન ફગાવી છે. આ ચુકાદો સતત જસ્ટિસ સૌરભ શમશેરીએ પિટિશનર પતિ અશ્વની યાદવની પિટિશન પર આપ્યો છે.

યાચી અશ્વિની યાદવે ૨૯ સપ્ટેમ્બર ૨૦૧૫ ના રોજ જયોતિ યાદવ સાથે લગ્ન કર્યા હતા. આ લગ્નમાં કુલ ૧૫ લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા. આ પછી જયોતિએ દહેજ માટે તેના સાસરિયાઓની પજવણી કરવાનો આરોપ લગાવતી ફરિયાદ દાખલ કરી હતી. આ પછી, ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ ના રોજ, જયોતિ પિયર પાછી ફરી હતી. સાસરિયાઓ કારની માંગ પર અડગ રહ્યા હતા. ત્યારબાદ જયોતિએ કલમ ૧૨૫ ફોજદારી કાર્યવાહી સંહિતા હેઠળ દાવો કર્યો. ફેમિવી કોર્ટે અશ્વિનીને આદેશ આપ્યો હતોકે, પત્ની જયોતિને ૨૫૦૦ રૂપિયા અને પુત્રીને ૧૦૦૦ રૂપિયા મહીનાનો ભરણ-પોષણ માટે ભથ્થું આપવું પડશે.

# મતગણતરી વચ્ચે અમેરિકામાં હિંસક દેખાવો, આગચંપી, ૬૦ની અટકાયત

વોશિંગ્ટન,તા.૫

અમેરિકામાં ચાલી રહેલી મતગણતરી દરમિયાન હિંસા થઈ શકે છે તેવી દહેશત સાચી પડતી લાગી રહી છે. મતગણતરીમાં વિલંબના કારણે પરિણામ જાહેર થવામાં વિલંબ થઈ રહ્યો છે.જોકે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બિડેન આગળ ચાલી રહ્યા છે અને તેની વચ્ચે અમેરિકામાં હિંસક પ્રદર્શનો શરુ થઈ ગયા છે.

અમેરિકન મીડિયાના કહેવા પ્રમાણે બુધવારે રાતે ન્યૂયોર્નકા મેનહટન વિસ્તારમાં પ્રદર્શન કરી રહેલા લોકો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી.એક ગલીમાં ટોળાએ આગચંપી કરી હતી અને પોલીસ અધિકારી સામે થૂકીને લોકોએ વિરોધ કર્યો હતો.

આ સિવાય વોશિંગ્ટન સ્કવેર પાર્કમાં શાંતિપૂર્ણ વિરોધ બાદ ૬૦ લોકોની ધરપકડ થઈ હતી.જેના પગલે પોલીસ અને લોકો વચ્ચે ટકરાવ થયો હતો. અમેરિકાના પોર્ટલેન્ડ શહેરમાં પણ થયેલા દેખાવો બાદ ઓરેગન નેશનલ ગાર્ડને બોલાવવાની ફરજ પડી હતી.લોકોએ શહેરના એક હિસ્સામાં તોડફોડ કરીને પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યુ હતુ.સાથે સાથે ફિલાડેલ્ફિયા, શિકાગોમાં પણ દેખાવો થઈ રહ્યા છે.લોકો માંગ કરી રહ્યા છે કે, એક એક મતની ગણતરી કરવામાં આવે.સાથે સાથે લોકો અશ્વેત આંદોલનનો મુદ્દો પણ ઉઠાવી રહ્યા છે. અમેરિકન પ્રમુખના નિવાસ સ્થાન વ્હાઈટ હાઉસથી સ્હેજ જ દુર એક હજાર કરતા વધારે લોકો ટ્રમ્પનો વિરોધ કરવા માટે જમા થયા હતા.વોશિંગ્ટનમાં લોકોએ રસ્તા પર માર્ચ કરી હતી અને જેના કારણે ટ્રાફિક પણ જામ થયો હતો.લોકોએ ફટાકડા પણ ફોડયા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (સાહિત્ય સરિતા,દિવાળી- આયોજક પ્રદીપ રાવલ..સ્પર્ધા સંચાલક : જીજ્ઞા કાપુરિયાં.. એડમીન પેનલ

સંકેલાતું જાય...
મારી આંખ સામે કરમાતું ફૂલ,
જોઉં ઓસરતું જીવન અમૂલ.
સુંવાળી જાત પર હતી નહીં ભાત
કોણે આલેખી આ ભૂખરીલી છાંટ
ખરતા રે વાળ ને સરતા રે આંસુ
રોકે રોકાય ના સમય સૂસવાટ.

શક્તિથી પાડેલી પગલીઓ પાથ
ઓસરતી આજ રહી કર્મોની છાપ
ઝાંખાં દેખાય નેહ ચહેરાઓ પાસ
શોધે છે તેમાં એ મનનો પ્રભાસ
વિલસેલી કાય આપ વિલાતી જાય
ઓગળી ફરીને પંચભૂત બની જાય.
જીવનની રીત...સૌ ખીલી કરમાય
તોય..આરત, અચંબો, હૈયે કોરાય.
સરયૂ પરીખ

કોરોનાનો કહર

-----------------------------------------------

આજે વાતાવરણમાં કેવું ફેલાયું છે ઝહર,
જ્યાં જુઓ ત્યાં ચારોતરફ છે કોરોનાનો કહર.
પ્રદૂષણનાં યુગમાં, હવે ચોખ્ખી હવા ભુલી જવાની,
કોણ જાણે, આ કળજુગમાં, માનવની શું હાલત થવાની,
પ્રદૂષણથી બાકાત નથી આજે કોઈ ગામ,ગલી,શહર.
આ કોરોનાએ લોકોના રોજગાર ને નોકરી હર્યા,
તારાજ કર્યા છે લાખો કુટુંબો, જે હતાં હર્યાભર્યા,
કુદરત પણ રૂઠી ગઈ છે, નથી મળતી એની મહેર.
એકબીજાને ભેટતો માનવી, આજે માનવથી દૂર છે,
છે પીડાઓ, સૌ કોઈને પણ, પોતાના પર મગરૂર છે,
મજબૂરીથી પરેશાન છે, આજે હર બસ્તી અને ઘર.
આજે જુઓ ઘર કોઈ નથી હવે કોરોનાથી સલામત,
જમવાના પણ છે ફાંફાં, છે સૌની દયનીય હાલત,
વિધાતાએ પણ લોકોને પીડવામાં, ના છોડી કસર.
યોગેશ આર જોષી
હાલોલ, જિ.પંચમહાલ.

-----------------------------------------------

NOG No-0032
ન્યૂઝ ઓફ ગાંધીનગર
પ્રકાર: પદ્ય
વિષય : દિવાળી
અંતરની અમાસ ઝંખે યાદો કેરા દીવડાં ..!
દીવડાંની જ્યોત થકી,આંજી લીધી આંખડી.
કાજળ તો રહી ગયું કોર,
દીવડો ઝગમગે જ્યોતિ ડગમગે......
આસો માસ એટલે ઉત્સવની ટોળી.
દિવાળીના રંગોએ કરી ઉજાણી ઉજાસ.
જાણે અગિયારસ બારસ અને ધનતેરસનું
આસોપાલવનું પૂજન. કાળીચૌદસે "મા" કાલિકાનું પૂજન.
આસો માસ એટલે ઉત્સવની ટોળી
લેજો હૈયાને હરખે હિંચોળી
દીવડાં લઈને આવી દિવાળી,
પૂરજો આંગણે રુડી રંગોળી.
આસો માસ એટલે ઉત્સવની ટોળી.
શણગાર્યું આખુ ગગન વિશાળ,
ફટાકડાનાં નવરંગ રંગોથી.
અમાસની અંધારી રાતને અજવાળી
કરીને આવી દિવાળી.
આસો માસ એટલે ઉત્સવની ટોળી.
સાથિયા પૂરાવો દરવાજે દીવડાં પ્રગટાવો..
આજ રુડી દિવાળી આવી...
અમાસની અંધારી રાતે ઝગમગ તારલીયા
ચમકે.લાભ શુભ સાથે રૂડા સાથિયા સોહાય.
આસો માસ એટલે ઉત્સવની ટોળી.
ઝગમગતા દિવડામાં આનંદ ઉત્સવ ઉજવાય.
ઘેર ઘેર અવનવા રંગોના સાથિયા જોઈ જોઈ મન હરખાય..
આજ આંગણે દિવાળી આવી સાથે આનંદ ઉત્સવ લાવી.
મીના માંગરોલીયા મીનું અમદાવાદ

-----------------------------------------------

*NOG No-0011*
ન્યૂઝ ઓફ ગાંધીનગર
વિષય : દિવાળી
નીત નવા રૂપ રંગે નવી દિવાળી આવી,
ચોતરફ ખુશીઓ સંગ આનંદ એ લાવી.યુવાનો ને
બાળકોને ગમતાં ધૂમ ધડાકા,
દાદા દાદી માટે મંદિરમાં ભકિત લઈ આવી.
એ નાચો , ઝુમો ને દિલથી ભેટો એકબીજાને,
ગાઓ ને ગુણગુણાવો મધુર ગીતનું ગુંજન લાવી.
રંગોળી પૂરો ને દીવડાંથી ઘર ને શેરી સજાવો,
ફૂલજરી ઊડે ને ફૂલડાં વેરતી દિવાળી આવી.
તન મન નો દિલનો મેલ હટાવી દિલથી કહો,
શુભ લાભ પાથરતી રંગીન દિવાળી આવી.
મનોજકુમાર પંચાલ
'મન'- પાલનપુર

-----------------------------------------------

NOG No ;0077
પ્રકાર:ગદ્ય
શીર્ષક:રાવણ મોક્ષ માટે દીપાવલી

અને તેજસ્વી પાત્ર હતું. રામાયણનું એવું પાત્ર, જેનામાં અવગુણ કરતાં ગુણોની પાત્રતા વધુ ચડિયાતી હતી...! છતાંય એની એક નાની સરખી ભુલથી ઈતિહાસમાં વગોવાઈ ગયો.
એના મૃત્યુને બીજી રીતે જોઈએ તો મને એવું લાગે છે કે એ ઈચ્છા મૃત્યુ ને વર્યો !
એણે હાથે કરીને આ બધી જફા વહોરી લીધી...!
એ જાણતો હતો કે સાક્ષાત વિષ્ણુ ભગવાન મનુષ્ય અવતાર ધારણ કરીને શ્રીરામના સ્વરૂપે અવતર્યા છે,તો હું શું કામ એમનાં હાથે જ મોક્ષ પ્રાપ્તિ ન કરું ?
મને લાગે છે કે રાવણના માનમાં પણ દીપાવલી મનાવવી જોઈએ.
શ્રીરામને અયોધ્યામાં રાજા બનાવવામાં રાવણનો ય ફાળો તો ગણાય જ...!
શ્રીરામનું અયોધ્યા ગમન અને રાજાધિરાજ બનવાના માનમાં તો આપણે દીપાવલી ઉજવીએ છીએ તો રાવણનાં મોક્ષ માટે કેમ નહીં..?
એટલે મારા દ્રષ્ટિકોણથી મારા શબ્દોમાં , મારી વાત
રજૂ કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.
રાવણ એક જ્ઞાની બ્રાહ્મણ હતો.
તે મહા પરાક્રમી, મહા પ્રતાપી, તેજસ્વી, ઓજસ્વી, રૂપવાન,ચારે વેદોનો જ્ઞાતા અને સંગીતનો જાણકાર હતો.
તેનામાં શિષ્ટાચાર અને ઊંચા આદર્શોવાળી મર્યાદા હતી.
તેણે સીતાજીને કહ્યું હતું કે, "હે સીતે !
જો તું મારા પ્રતિ કામભાવ નથી રાખતી તો હું તને સ્પર્શ ના કરી શકું."
મારી દ્રષ્ટીએ રાવણે એક એવું પાત્ર હતું કે જેને લીધે શ્રીરામનું ચરિત્ર આટલું બધું બળવાન બન્યું અને નિખરીને ઉભાર પામ્યું. એને કારણે આપણને હનુમાનજીના બુધ્ધિ ચાતુર્ય અને બળવત્તર પ્રતિભાનો પરિચય થયો...!
એને ને લીધે જ તો વિભિષણની સારપ ઉજાગર થઈ..!
એકવાર મંદોદરી ભક્તિમાં લીન હતી .વીણાનો તાર અચાનક તુટી ગયો તો રાવણે પોતાની નસ કાપી એનાંથી વીણાનો તાર બનાવી દીધો..!
રાક્ષસી માતા અને ઋષિ પિતાનું સંતાન હોવાથી બે પરસ્પર વિરોધી વિચારધારાઓ એને વલોવતી રહેતી.
તેનામાં મોટામાં મોટો અવગુણ ફક્ત એનો અહંકાર હતો.એનાં અહંકારને વશ કરવો એના પોતાના માટે ય કઠીન હતો .એટલે જ્યારે સ્વયં ઈશ્વર જન્મ ધારણ કરી પૃથ્વી પર અવતર્યા ત્યારે મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા એણે કરી.એમના હાથે મૃત્યુ લેવું એમ મન બનાવી લીધું. મૃત્યુ બાદ પોતાના ભાઈને લંકાની રાજગાદી મળે એ આશયથી ,ભવબંધનના ફેરામાંથી મુક્તિ મળે એટલે સાક્ષાત વિષ્ણુનો અવતાર એવાં શ્રીરામનાં હાથે મોક્ષ પ્રાપ્તિ કરી...!
સાક્ષાત શ્રીરામ રાવણને જોઈને મંત્ર મુગ્ધ થઈ ગયાં હતાં. રામ બોલ્યાં હતાં કે રૂપ,સૌંદર્ય, ધીરજ,તેજ,ઓજ,
કાંન્તિ અને સર્વ લક્ષણયુક્ત...,
"હે રાવણ,તું અધર્મી ના હોત તો દેવલોકનો સ્વામી બની જાત...!
બીજું પ્રમાણ શું જોઇએ...?
એટલે મને લાગે છેકે રામજીએ રાવણનો વધ કર્યો એના માનમાં આપણે જો દિવાળી ઉજવતાં હોઈએ એના કરતા મને એવું લાગે છે કે આટલા મહા જ્ઞાની ,મહાદેવ ભક્ત રાવણનાં અહંકારને ભસ્મીભુત કરાવવા રાવણ સ્વયં મનથી તૈયાર થયો એ બહું મોટી વાત અને શ્રીરામ માટે બહું મોટી ઉપલબ્ધિ કહેવાય...! તો આવા ગુણી,વિરલા અને પરાક્રમી રાજા રાવણની યાદમાં પણ આપણે દિવડાં પ્રકટાવી એને પણ વીરાંજલી કે શ્રધ્ધાંજલિ આપવી જોઈએ એવું નથી લાગતું?
બાકી સ્વેચ્છાએ રાવણે ,શ્રીરામનાં હાથે મોક્ષ પ્રાપ્તિની કામના કરી હતી. તો એનાં મોક્ષગમન માટે પણ દીપાવલી મનાવવી જોઈએ જ.
ઋતંભરા વિશ્વજીત ઋત્વિશ્વ




## છેલ્લા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન મોદીએ બિહારની જનતાના નામે લખ્યો પત્ર

ન્યુ દિલ્હી,તા.૫

બિહાર વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કાના મતદાન પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જનતાના નામે પત્ર લખ્યો છે. આ પત્રમાં તેમણે એનડીએના પક્ષમાં મતદાન કરવા અને ફરીથી નીતિશ કુમારના નેતૃત્વમાં સરકાર બનાવવાની અપીલ કરી છે. તેમણે બિહાર માટે કરેલા વિકાસ કાર્યનો ઉલ્લેખ કર્યો.

વડાપ્રધાન લખ્યું કે, મારા પ્રિય બિહારના ભાઈઓ અને બહેનો સાદર પ્રણામ, આજે આ પત્રના માધ્યમથી તમને બિહારના વિકાસ, વિકાસ માટે એનડીએ પર વિશ્વાસ જાળવી રાખવા માટે એનડીએના સંકલ્પ વિશે વાત કરવા માગું છું. પત્રમાં તેમણે નીતિશ કુમારના નેતૃત્વમાં સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે, ડબલ એન્જીનની તાકત બિહારને વિકાસની નવી ઉંચાઈ સુધી પહોંચાડશે.

આ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહાર ચૂંટણી પ્રચાર સાથે જોડાયેલો અનુભવ ટ્વીટ કરીને જણાવ્યો હતો. તેમણે બિહારના લોકોને કહ્યું કે, યુવાનો અને મહિલાઓની ભાગીદારી તેમને પ્રેરિત કરે છે. તેમણે લખ્યું કે, છેલ્લા થોડાં દિવસોથી મને બિહારના આપણાં ભાઈઓ-બહેનો સાથે મળીને તેમનો આશિર્વાદ લેવાનો મોકો મળ્યો. સાસારામમાં પહેલી રેલીથી લઈને સહરસામાં છેલ્લી રેલી સુધી જનતાએ હંમેશાની જેમ ખુબ પ્રેમ આપ્યો. જનસેવક તરીકે બિહારની ભૂમિના ચરણ સ્પર્શ મને જનસેના માટે વધુ પ્રતિબદ્ધ કરે છે.

## દિલ્હીમાં ફરી એક વખત દિવાળીએ ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકાયો

ન્યુ દિલ્હી,તા.૫

દિલ્હીમાં શિયાળાના આગમન સાથે વધી રહેલા પ્રદુષણ પર લગામ કસવા માટે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે આ વર્ષે પણ દિવાળીના તહેવારોમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મુકી દીધો છે.

કેજરીવાલે કોરોના અને વાયુ પ્રદુષણનો હવાલો આપતા કહ્યુ હતુ કે, દિલ્હીના લોકો ગયા વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળીના દિવસે કોનોટ પ્લેસ પર ભેગા થઈને ખુશી મનાવશે પણ ફટાકડા નહીં ફોડે.

તેમણે કહ્યુ હતુ કે, ચારે તરફ આકાશ ધમાડાથી ભરાયેલુ છે અને તેના કારણે કોરોનાની સ્થિતિ વધારે વણસી શકે છે.ગયા વર્ષે આપણે ફટાકડા નહી ફોડવાના સોગંદ લીધા હતા અને આ વખતે પણ આપણે દિવાળી મનાવીશુ પણ ફટાકાડા નહીં ફોડીએ.જો આપણે ફટાકડા ફોડીશુ તો તે બાળકોની જીંદગી સાથે રમવાનુ કૃત્ય હશે, દિવાળીના દિવસે સાંજે આપણે લક્ષ્મી પૂજન કરીશું.

તેમણે કહ્યુ હતુ કે, દિલ્હીમાં કોરોના અને પોલ્યુશન બંનેનો ખતરો મંડરાઈ રહ્યો છે.પાડોશી રાજ્યો દ્વારા કોઈ પગલા નહીં લેવાયા હોવાથી ખેડૂતો દ્વારા ખેતરોમાં પરાળી બાળવાની સમસ્યા યથાવત છે અને તેના કારણે આ ધૂમાડો દિલ્હી તરફ આવે છે.છેલ્લા કેટલાય વર્ષોથી આ સમસ્યા ચાલી આવી રહી છે.

## ગોવા સરકાર રાશનકાર્ડ ધારકોને બજાર ભાવ કરતાં ઓછી કિંમતે ડુંગળી વેચશે

પણજી,તા.૫

ડુંગળીની વધતી કિંમતો વચ્ચે ગોવા સરકારે મોટો નિર્ણય લીધો છે. ૧૦૪૫ મેટ્રીક ટન ડુંગળી ખરીદીને ગોવા સરકાર ૩.૫ લાખ રાશન કાર્ડ ધારકોને ઓછા ભાવે ડુંગળી ઉપલબ્ધ કરાવશે. નાગરિક પુરવઠા વિભાગના નિદેશક સિદ્ધિવિનાયક નાઈકે કહ્યું કે, સરકારે આ આદેશ નાસિક સ્થિત ભારતીય રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ એસોસિએશન(નેફેડ)ને આપ્યો છે.ગોવા સરકાર ૩.૫ લાખ રાશન કાર્ડ ધારકોને ત્રણ કિલોગ્રામ ડુંગળી ઉપલબ્ધ કરાવશે. તેને જાહેર વિતરણ વ્યવસ્થા(PDS) નેટવર્ક દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે. હજુ ગોવામાં ડુંગળી ૭૦-૮૦ રૂપિયા પ્રતિકિલોગ્રામના ભાવે વેચાઈ રહી છે. તેનાથી લોકો પરેશાન છે. લોકોને રાહત આપવા માટે સરકારે આ પગલું ભર્યું છે.

ગોવામાં ડુંગળીની કિંમત વધવા પર મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે બુધવારે કહ્યું હતું કે, ભારતીય રસોઈ માટે જરૂરી સામગ્રીમાં ડુંગળીને રાજ્ય જાહેર વિતરણ વ્યવસ્થા નેટવર્ક દ્વાર સસ્તી કિંમતોમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. દરેક રાશન કાર્ડ ધારકોને ૩૨-૩૩ રૂપિયા પ્રતિ કિલોગ્રામના દરે ત્રણ કિલોગ્રામ ડુંગળી આપવામાં આવશે.તેમણે કહ્યું હતું કે, સરકાર ભારતીય રાષ્ટ્રીય કૃષિ સહકારી માર્કેટિંગ એસોસિએશન દ્વારા ડુંગળીની સોર્સિંગ પ્રક્રિયામાં છે અને ગોવાની જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા ડુંગળીની આપૂર્તિ એક પખવાડિયા બાદ કરવામાં આવશે.

## પાકિસ્તાન યાદ રાખી લે પીઓકે ભારતનું છે અને હંમેશા રહેશેઃ રાજનાથસિંહનો હૂંકાર

પૂર્ણિયા,તા.૫

બિહાર વિધાનસભા ચૂંટણીના ત્રીજા ચરણના પ્રચારના છેલ્લા દિવસે રક્ષામંત્રી રાજનાથ સિંહએ પૂર્ણિયાના ધમદાહામાં જેડીયૂના ઉમેદવાર લેસી સિંહની ચૂંટણી સભાને સંબોધિત કરી હતી. આ પ્રસંગે રાજનાથ સિંહે પાકિસ્તાન પર જોરદાર શાબ્દિક પ્રહાર કર્યો હતો. તેમણે કહ્યું કે પાકિસ્તાને તે વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે પીઓકે ભારતનું હતું અને આજે પણ અમે પીઓકને ભારતનો જ ભાગ માનીએ છીએ. અને આગળ પણ પીઓકે ભારતનું જ રહેશે.

રાજનાથ સિંહે કહ્યું કે હવે તો પાકિસ્તાનની સાંસદમાં પણ તે વાતની ચર્ચા થઇ ગઇ છે કે પાકિસ્તાનમાં ભારતને લઇને કેવી રીતનો ડર હતો કે તેમણે પાયલટ અભિનંદન વર્ધમાનને જેમણે તેને પકડી હતો તેણે પણ છોડી દીધો હતો. તેમણે ફરી એક વાર પાકિસ્તાની સાંસદમાં જે વાત થઇ હતી તેને જણાવી હતી. જેમાં પાકિસ્તાની સાંસદે કહ્યુ કે જો અમે અભિનંદનને નહીં છોડતા તો ભારત નવ વાગે અમારી પર હુમલો કરી દેતું. કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે આ પ્રસંગે પૂર્વ લદાખમાં ચીન સાથે ચાલી રહેલા ગતિરોધ મામલે પણ લોકો ને જાણકારી આપી. તેમણે કહ્યુ કે દેશની સેના જે રીતે જે શૌર્ય અને પરાક્રમનો પરિચય આપ્યો છે. તેનાથી ચીનની પણ સેના ડરેલી છે. તેવામાં આપણા બહાદૂર જવાનો દુશ્મનોને પાછળ ધકેલી આપણી સીમાઓની રક્ષા કરતા સીમા પર અડગ ઊભા છે. આપણે આ સમયે એકજૂટ થઇને આપણી સેનાનું સમર્થન કરવું જોઇએ. રાજનાથ સિંહે કહ્યું કે તેમ છતાં તેવા અનેક નેતા છે જે સતત ભારતીય સેના અને બહાદૂર જવાનોના શૌર્યનો તમાશો બનાવી રહ્યા છે. તેમણે વધુ કહ્યું કે સ્વાભિમાનની રાજનીતિ હોવી જોઇએ અને જનતાની આંખામાં ધૂળ નાખવાનું કામ રાજનીતિ દ્વારા ના થવું જોઇએ. તેમણે કહ્યું કે હવે સમય આવી ગયો છે કે આંખમાં આંખ નાંખીને આપણે રાજનીતિ કરીએ. ભારતે હાલના દિવસોમાં જે રીતે વિશ્વ ફલક પર પોતાની ઓળખ બનાવી છે તેનાથી દુનિયાને પણ ભારતની તાકાત ખબર પડી છે.

## બિહારમાં ફરીથી એનડીએની સરકાર બનશે
## બિહારમાં પણ લવ જેહાદ વિરૂદ્ધ બનશે કાયદોઃ ગિરિરાજ સિંહ

પટના,તા.૫

બિહારમાં એનડીએની સરકાર બની તો લવ જેહાદ વિરૂદ્ધ કાયદો બનશે. ભાજપના ફાયર બ્રાન્ડ નેતા ગિરિરાજ સિંહે આ વાત કહી છે. તેમણે કહ્યું કે, તે આ મામલે નીતીશ કુમાર સાથે વાત કરશે. તેમણે જનસંખ્યા નિયંત્રણને લઈને કાયદો બનાવાવનો પણ દાવો કર્યો. બિહારમાં ચૂંટણી પ્રચાર આજે સાંજે ખત્મ થઈ જશે.

મોદી સરકારમાં કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ પોતાના વિવાદિત નિવેદન માટે જાણીતા છે. બિહાર ચૂંટણીમાં ફરીથી નાગરિકાત કાયદાથી લઈને લવ જેહાદ અને મસ્જિદોમાં હનુમાન ચાલીસાના પાઠના મુદ્દા ગરમાવા લાગ્યા છે. યૂપીના મુથારામાં પહેલા મંદિરમાં નમાજ પઢવામાં આવી. ત્યાર બાદ કેટલીક મસ્જિદોમાં હનુમાન ચાલીસાના પાઠ થયા. ગિરિરાજ સિંહે કહ્યું કે આ તો પ્રકૃતિનો નિયમ છે. ક્રિયા ની પ્રતિક્રિયા તો હોય જ છે. જો કોઈ મંદિર જઈને નમાજ કરશે તો પછી મસ્જિદોમાં હનુમાનના પાઠને કોણ રોકી શકે?

ગિરિરાજ સિંહે કહ્યું કે, કોંગ્રેસે તો અત્યારથી હાર માની લીધી છે. રાહુલ ગાંધીએ ઈવીએણને મોદી વોટિંગ મશીન કહ્યું હતું. તેના જવાબમાં તેમણે કહ્યુ કે, જ્યારે પણ વિપક્ષ હારવા લાગે છે ત્યારે આવા આરોપ લગાવે ચે. તેમણે કહ્યું કે, આ વખતે બિહારમાં ફરીથી એનડીએ સરકાર બનશે.

## કોરોના સામેની લડતમાં ટ્રમ્પ થાપ ખાઈ ગયા, મોદીએ ભારતને બચાવ્યુંઃ નડ્ડા

પટના,તા.૫

અમેરિકામાં ચાલી રહેલી રાષ્ટ્રપતિની ચૂંટણીની અસર ભારતના બિહારની વિધાનસભાની ચૂંટ્ણીઓમાં પણ જોવા મળી રહી છે. બિહાર વિધાનસભાની ચૂંટણીનો ત્રીજા તબક્કાનો પ્રચારનો આજે અંતિમ દિવસ છે. આજે દરભંગામાં રેલીને સંબોધિત કરતા ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જેપી નડ્ડાએ અમેરિકાની ચૂંટણીનો ઉલ્લેખ કર્યો હતો. જેપી નડ્ડાએ કહ્યું હતું કે, અમેરિકામાં ચૂંટણીના પરિણામો સામે આવી રહ્યાં છે, જ્યાં ડોનાલ્ડ ટ્રમ્પના લોકોએ કોરોનાના કારણે ઘેરાયેલા છે અને લડખડી રહ્યાં છે. પરંતુ ભારતમાં મોદીજીએ સમયસર લોકડાઉન કરીને લોકોને બચાવવાનું કામ કર્યું.ભાજપ અધ્યક્ષે આજે ચૂંટણી સભામાં કહ્યું હતું કે, જ્યારે ભારતમાં કોરોના વાયરસ આવ્યો અને લોકડાઉન અમલી બનાવવામાં આવ્યું તો દેશમાં ટેસ્ટ માટે માત્ર એક જ લેબોરેટરી હતી. પરંતુ આજે સરકાર દેશમાં દરરોજ લગભગ ૧૫ લાખ ટેસ્ટ કરી રહી છે. લોકડાઉન અમલી બનાવીને સરકારે તૈયારીઓ કરી, આજે પીપીઈ કિટ, વેંટિલેટર જેવા સાધનો દેશમાં જ બનાવવામાં આવી રહ્યાં છે. બિહારના દરભંગામાં જેપી નડ્ડાએ રાજદ પર પણ નિશાન તાક્યું હતું. જેપી નડ્ડાએ કહ્યું હતું કે, હવે બિહાર ફાનસ યુગમાંથી બહાર નિકળીને એલઈડી યુગમાં આવી ગયું છે.

## નિફ્ટી ૨૧૧ અંકના વધારા સાથે ૧૨,૧૨૦ની સપાટીએ બંધ
## દિવાળી પહેલા શેરબજારમાં તેજીઃ સેન્સેક્સમાં ૭૨૪ અંકનો ઉછાળો

(જી.એન.એસ.)મુંબઇ,તા.૫

આજે કારોબારના અંતે શેર માર્કેટમાં મજબૂત તેજી નોંધાઈ. આજે કારોબારના અંતે ૩૦ શેરો વાળો બીએસઈ સેન્સેક્સ ૭૨૪.૦૨ પોઈન્ટની મજબૂતી સાથે ૪૧,૩૪૦.૧૬ ના સ્તર પર બંધ થયો છે. તો એનએસઈના ૫૦ શેરોવાળા પ્રમુખ નિફ્ટી ૨૧૧.૮૦ પોઈન્ટની મજબૂતી સાથે ૧૨,૧૨૦.૩૦ પર બંધ થયો છે. આજે શરૂઆતી કારોબારમાં બીએસઈના ૩૦ શેરો વાળો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ ૪૯૫.૯૮ પોઈન્ટની મજબૂતી સાથે ૪૧,૧૧૨.૧૨ ના સ્તર પર ખુલ્યા હતો. તો એનએસઈના ૫૦ શેરોવાળો પ્રમુખ ઈન્ડેક્સ નિફ્ટી ૧૫૩.૯ પોઈન્ટની મજબૂતી સાથે ૧૨,૦૬૨.૪૦ પર ખુલ્યો હતો.

આજે સેઈલ, એચપીસીએલ, એસઆરએફ, પીવીઆર, નાલ્કો, ઈન્ડસઈન્ડ બેક્ર, એનએમડીસી, ઈન્ટરગ્લોબ એવિએશન, એસબીઆઈ, ટાટા સ્ટીલ, જીએમઆર ઈન્ફ્રા, મુથૂટ ફાઈનાન્સ, ગેઈલ, સન ટીવી નેટવર્ક, બીપીસીએલ, બજાજ ફાઈનાન્સ, ઝી એન્ટરટેઈનમેન્ટ, ચોલામંડલમ, આજે કારોબારના અંતે. કોલ ઈન્ડિયા, ભેલ, યુનાઈટેડ સ્પિરિટ્સ, બજાજ ફિનસવર, ભારત ઈલેક્ટ્રિક, યુપીએલ, આરઈસી, ટાટા પાવર, શ્રીરામ ટ્રાન્સપોર્ટ, એચસીએલ ટેક, એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ, આઈજીએલ, જ્યુબિલેન્ટ ફૂડ, પેજ ઈન્ડસ્ટ્રીઝ, એશિયન પેઈન્ટ્સ, કમિન્સ, જેએસડબ્લ્યુ સ્ટીલ, યુનાઈટેડ બ્રુઅરીઝ, પાવર ફાઈનાન્સ અને ગ્રાસિમ લીલા નિશાન પર બંધ થયા છે.

બુધવારે વિશ્વનાં બજારોમાં ખરીદી જોવા મળી. અમેરિકાનું બજાર ડાઉ જોન્સ ૧.૩૪ ટકાના વધારા સાથે ૩૬૭.૬૩ અંક વધી ૨૭૮૪૭.૭૦ પર બંધ થયું હતું. નેસ્ડેક ઈન્ડેક્સ પણ ૪.૪૧ ટકાના વધારા સાથે ૪૯૭.૧૧ અંક વધી ૧૧૭૭૭.૦૦ પર બંધ થયો હતો, જ્યારે એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૨.૨૦ ટકાના વધારા સાથે ૭૪.૨૮ પોઈન્ટ ઉપર ૩૪૪૩.૪૪ પર બંધ થયો હતો. સૌથી વધનારા શેરોમાં હિંદાલ્કો, એસબીઆઇ, ટાટા સ્ટીલ, બીપીસીએલ અને ઈન્ડ્સઈન્ડ બેક્ર હતા. જ્યારે સૌથી





વધુ ઘટનારા શેરોમાં હીરો મોટોકોર્પ અને એચડીએફસી લાઈફ હતા.

સેક્ટરોમાં જોઈએ તો બીએસઇ મેટલ ઈન્ડેક્સ ૪.૪ ટકા વધ્યો હતો અને ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ત્રણ ટકા વધ્યો હતો. બીએસઇ બેક્ર અને કેપિટલ ગૂડ્સ ઈન્ડાઈસીસ બે-બે ટકા વધ્યા હતા, પરંતુ રિયલ્ટી ઈન્ડેક્સ ૦.૫ ટકા ઘટેલો હતો. સેઈલ, નાલ્કો અને એસઆરએફ ૧૦૦ ટકાથી વધુ વોલ્યુમ નોંધાવ્યો હહતો. વોલ્ટાસ સેઈલ અને હિંદાલ્કોમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યુ હતુ, જ્યારે પેટ્રોનેટ એલએનજી, ગોદરેજ પ્રોપર્ટીઝ અને એપોલો ટાયર્સમાં શોર્ટ પોઝિશન બિલ્ડ અપ થઈ હતી. એસઆરએફ, સુબેક્સ અને વોલ્ટાસ જેટ એરવેઝના શેર બીએસઈમાં બાવન સપ્તાહની નવી સપાટીએ પહોંચ્યા હતા.




સરખેજ ડીસા લોકલ એસટી બસ ચાલુ થતાં મુસાફરો માં આનંદ ની લાગણી ગુજરાત એસટી તંત્ર દ્વારા કલોલ ડેપો સંચાલિત સરખેજ ડીસા એસટી રુટ ચાલુ થતાં આ રુટ માં આવતા તમામ ગામો ના લોકો માં આનંદ ની લાગણી છવાઈ ગઈ છે આ બસ સવારે સરખેજ થી ઉપડી વાયા મહેસાણા ચાણસ્મા પાટણ થ?ઈ તેના નિયત સમયે ડીસા પહોંચી પરત આજ રુટ પર નિયત સમયે ઉપડી સરખેજ આવશે આ બસ શરૂ થવાથી ચાણસ્મા પાટણ ડીસા જવા માટે ખુબ જ ઉપયોગી રહેશે આર્થિક રીતે પોષાય અને સલામત મુસાફરી માટે આ ઉપયોગી એસટી રુટ ચાલુ કરવા બદલ એસટી તંત્ર નો ખુબ ખુબ આભાર સામાજિક કાર્યકર ધીરજ વી રબારી ડેર



આજ રોજ બનાસકાંઠા જિલ્લા ભીમ આર્મીના મહામંત્રી રણજીતસિંહ ભાટીયા , રાષ્ટ્રીય લોક અધિકાર મંચ નાં સંયોજક શ્રી નીરજભાઈ ચૌહાણ તેમજ બનાસકાંઠા જિલ્લા દલિત સંગઠન નાં પ્રમુખ શ્રી દલપતભાઈ ભાટીયા સાહેબ તેમજ સામાજિક કાર્યકર રાજેશકુમાર એલલીયા વિજય વાલમીયા દ્વારા બનાસકાંઠા જિલ્લાવનાયબ પોલીસ અધિક્ષક શ્રી આર કે પટેલ સાહેબ ને ગુજરાત સરકાર નાં નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ દ્વારા ગુજરાત રાજ્યના વિધાનસભા ની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર નાં પ્રચાર પ્રસાર વખતે જાહેર સભામાં અનુસુચિત જાતિના સ્વ મહેશ નરેશ કનોડિયા સાહેબ નાં જાતિ વિષયક ગેરબંધારણીય શબ્દો નો પ્રયોગ કરીને સમગ્ર દેશનાં દલિત સમાજ ની લાગણી દુભાવવેલી તે બનાવ અંતગર્ત નિતીનભાઈ પટેલ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી થાય એ બદલ લેખિત માં રજુઆત કરવામાં આવી

## નવી એસઓપી તૈયાર કરવા સૂચના આપી દેવાઈ: શિક્ષણમંત્રી

# દિવાળી બાદ પ્રથમ તબક્કામાં ધો.૯થી૧૨નું શૈક્ષણિક કાર્ય શરુ થવાની સંભાવના

ગાંધીનગર,તા.૫

દિવાળી બાદ શાળા અને કોલેજ શરૂ કરવા અંગે ગુજરાત સરકાર દ્વારા મહત્વના સમાચાર સામે આવ્યા છે. શાળા અને કોલેજ એકસાથે શરૂ કરવાની વિચારણા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ પ્રાથમિક સ્કૂલો ખોલવામાં આવશે કે નહિ તે નક્કી નથી. દિવાળીના વેકેશન બાદ પ્રથમ તબક્કામાં ધોરણ ૯ થી ૧૨ નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવી શકે છે. અંગે અધિકારીઓને એસઓપી તૈયાર કરવા માટે સૂચના આપી દેવાઈ છે. આરોગ્ય વિભાગના માર્ગદર્શન બાદ જ નિર્ણય લેવામાં આવશે.

આ અંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, ગઈકાલે ગાંધીનગરમાં યોજાયેલી કેબિનેટમાં ધોરણ ૯ થી ૧૨ અને કોલેજની દિવાળી બાદ શરૂ કરવા અંગે મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. શિક્ષણ વિભાગની ઉચ્ચ અધિકારીઓની મીટિંગ બોલાવી ચર્ચાવિચારણા કરી છે. એસઓપી તૈયાર કરવા માટેની સૂચના આપી છે. વાઈસ ચાન્સેલર અને બે દિવસમાં ઓનલાઈન તેઓની સાથે ચર્ચા કરવામાં આવશે. ૯ થી ૧૨ ધોરણ ઉચ્ચ અધિકારીઓ બેસીને ચર્ચા વિચારણા કરીને તૈયાર કરવામાં આવશે. મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગ સાથે બેસીને આગળનો વિચાર કરવામાં આવશે. જયારે શિક્ષણ કાર્યની શરૂઆત કરવી તેનો નિર્ણય ઉચ્ચ કક્ષાની મિટિંગમાં કરવામાં આવશે.

તેઓએ મહત્વની માહિતી આપતા કહ્યું કે, ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. એક મહિના પહેલા તેની જાહેરાત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા સુધીનો પૂરતો સમય જાળવીને આ જાહેરાત કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ જાહેર કરવામાં આવશે. એક થી આઠ ધોરણનો નિર્ણય પણ ઉચ્ચકક્ષાની બેઠકમાં કરવામાં આવશે.

# ગજબ! ગધેડા લાત મારતા વિવાદ ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચી ગયો

અમદાવાદ,તા.૫

ઘણીવાર કોર્ટમાં પણ એવા કિસ્સા આવતા હોય છે જેનાથી સામાન્ય રીતે ગંભીર રહેતી કોર્ટની કાર્યવાહી રમૂજથી ભરાઈ જાય છે. આવો જ એક રસપ્રદ કિસ્સો ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યો છે. વિવાદના મૂળમાં રસ્તે રખડતા એક ગધેડાએ લાત મારતા વ્યક્તિને હોસ્પિટલમાં દાખલ થઈ સર્જરી કરાવવી પડી હતી. જે બાદ તેણે નગરપાલિકાના ચીફ ઓફિસર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન વિરુદ્ધ રસ્તે રખડતા ઢોર વિરુદ્ધ કાર્યવાહી ન કરવાની ફરિયાદ નોંધાવી હતી.ગુજરાતના નવસારીની આ ઘટનામાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે જવાબદારો સામે કેસ નોંધવા માટે આદેશ કર્યો હતો જેના કારણે ચીફ ઓફિસર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જેમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એ.એસ સુપૈયાએ અરજદારોને વચગાળાની રાહત આપી કોઈ સખત કાર્યવાહી ન કરવા માટે આદેશ આપ્યો છે. આ સાથે પ્રતિવાદી પક્ષને નોટીસ પાઠવીને કેસની વધુ સુનાવણી ચોથી ડિસેમ્બરે કરવાનું નક્કી કર્યું છે.

તદ્દન અસામાન્ય અને અજીબોગરીબ આ કિસ્સામાં નવસારીમાં રહેતા એક એડવોકેટના પિતાને રસ્તા પર ગધેડાએ લાત મારીને ગંભીર ઈજા પહોંચાડી હતી. જેના પરિણામે તેમને હોસ્પિટલમાં દાખળ કરીને સર્જરી કરાવવી પડી હતી. જે બાદ વકીલે નવસારી નગરપાલિકાના ચીફ ઓફિસર દશરથસિંહ ગોહિલ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પ્રેમચંદ લાલવણી વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવા માટે અરજી આપી હતી. પોલીસે આ અંગે પ્રાથમિક તપાસ કરતા સામે આવ્યું હતું કે નગર પાલિકાએ ઢોર પકડવા માટે સ્ટાફ અને પકડાયેલા ઢોરના પાંજરા રાખવાની કામગીરી કરી હતી.બીજી તરફ એ પણ સામે આવ્યું હતું કે વકીલે તેમના વિસ્તારમાં રખડતા ઢોરને રાખવા બાબતે વાંધા અરજી કરી હતી. આ બાબતે જ્યારે વકીલે ડીએસપી કક્ષાએ ફરિયાદ નોંધાવતા તેની તપાસમાં પણ સામે આવ્યું હતું કે નગરપાલિકા, તેના અધિકારી અને પદાધિકારીઓએ પૂરતી તકેદારી લીધી હતી અને અનેક પ્રયાસો કર્યા હતા જેથી આવા કિસ્સામાં તેમને જવાબદાર ઠેરવીને કેસ દાખલ કરી શકાય નહીં.



અમદાવાદમાં ગઈ કાલે થયેલ પીપલેજ અગ્નિકાંડ મા મૃત્યુ થયેલ લોકોના પરિજનોની મુલાકાત લેતા ધારાસભ્યો ગ્યાસુદ્દીન શેખ અને ઈમરાન ખેડાવાલા ફોટો સ્ટોરી કુશલ ભટ્ટ

## મેથાણ નું ગૌરવ



શેઠ એમ પી મોમીન વિદ્યાલય મેથાણ માં અભ્યાસ કરી હાલમાં દેવભૂમિ દ્વારકા માં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અમારી શાળા ના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રીજયદીપસિંહ ગુલાબસિંહ સોલંકી આજે પોતાની માતૃ શાળા ની મુલાકાત લઈ આનંદ ની લાગણી અનુભવી, પોતાને સંસ્કાર અને શિક્ષણ ના પાઠ શીખવનારા ગુરુજી ના ચરણ સ્પર્શ કરી શાળા માં વિતાવેલ અભ્યાસ ના દિવસો ને યાદ કર્યા. જયદીપસિંહ એ અનુસ્નાતક સુધી અભ્યાસ કરી ગુજરાત રાજ્ય ગૌણ સેવા પસંદગી સમિતિ દ્વારા લેવાયેલ તલાટી ની પરીક્ષા ઊંચા મેરીટ સાથે ઉતીર્ણ થઈ કારકિર્દી ની શરૂઆત તલાટી કમ મંત્રી થી કરી. અથાગ મહેનત કરનાર ના કદમ સફળતા સ્પર્શે છે એ કેહવત મુજબ જયદીપ સિંહ એ નાયબ મામલતદાર, સેલ ટેકસ ઈન્સ્પેકટર અને પી.એસ. આઇ.જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરી.અને પી એસ.આઇ. તરીકે સર્વિસ માં જોડાયા હાલ માં ગુજરાત પોલીસ માં પોલીસ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવે છે.વિશેષ માં જણાવું તો ધનપૂરા વ્હિડ ગામ ના મોટાભાગ ના વિદ્યાર્થી ઓએ શેઠ એમ પી મોમીન વિદ્યાલય મેથાણ માં અભ્યાસ કરેલ છે અને મોટા ભાગ ના તમામ ઈન્ડીયન આર્મી અને ગુજરાત પોલીસ માં ફરજ બજાવે છે જે શાળા માટે ગૌરવ સમાન છે શાળા ના આચાર્ય શ્રી એમ.આઈ.પઠાણે શાલ ઓઢાડીને સન્માન સાથે જયદીપસિંહ ને આશીર્વાદ આપી ઉતરોતર પ્રગતિ કરે અને ગામ,શાળા,સમાજ,અને દેશ નું નામ રોશન કરો એવી દુવાઓ આપી. શેઠ શ્રી એમ.પી. મોમીન શાળા, મેથાણ

# આવો કોઈની મદદ કરીએ દ્વારા બે દીકરીઓ ને લગ્ન માટે કરિયાણું તેમજ આર્થિક મદદ કરવામાં આવી.



વીર પ્રતાપ ફાઉન્ડેશન ના સ્થાપક ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા જરૂરિયાત મંદ પરિવાર, વિધવા , દિવ્યાંગ , ની મદદ કરવામાં આવે છે,

વીર પ્રતાપ ફાઉન્ડેશન ની ટીમ દ્વારા નીકોડા, ઈડર ના ૨ બહેનો ને મદદ કરવામાં આવી, નિકોડાં ના પરિવાર ને લગ્ન નું કરિયાણું આપવા મા આવ્યું, અને ઈડર ના પરિવાર ને કરિયાણું અને ફર્નિચર આપવામાં આવ્યું, અગાઉ ઘણા જરૂરિયાત મંદ પરિવારો ને લગ્ન, અભ્યાસ, કરિયાણા કીટ માટે મદદ કરવામાં આવી છે,

આ જીવન કોઈને કામ આવી જાય જેમનો જીવન મંત્ર છે એવા ભ્રુગુવેન્દ્ર સિંહ કુંપાવત દ્વારા દિવાળી ના તહેવાર નિમિતે ગરીબ કે માં - બાપ વગરના બાળકો ને મીઠાઈ, ચવાણું, અને ફટાકડા આપવામાં આવશે...



ગાંધીનગર મહાનગર પાલિકા ની સામાન્ય સભા માં કોંગ્રેસ પક્ષ ના કોર્પોરેટર હસમુખ મકવાણા એ ગામડાઓ માં કોરોના વેક્સિન બાબતે ગંભીર આક્ષેપ મેયર સામે કર્યો હતો.કે જે વેક્સિન દુનિયા માં હજુ શોધાઈ નથી .તેમને વધુ માં કહ્યું હતું કે શાશક ભાજપ ના કોર્પોરેટર ના આંતરિક ઝગડા કમલમ માં જઈ તાયફો થાય તે બાબતે સભા માં જાણે વિધાનસભા હોય તેવી રીતે મેયર ને અધ્યક્ષ કરી સંબોધી ધારદાર રજૂઆત કરી હતી. હાલમાં મેયર રીટાબેન કેતન કુમાર પટેલ અને પૂર્વ શહેર પ્રમુખ નીતિન પટેલ એમ બે ગ્રુપ પડી જાય સામસામી ખુલ્લે હામ. આક્ષેપબાજી થઈ રહી છે.ભાજપ પક્ષ ના જ પાંચ ભાજપ ના કોર્પોરેટર સામસામી આવી જઈ કોર્ટમાં જવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે મહાનગર પાલિકા માં ઘર ફૂટે ઘર જાય તેવા હાલ માત્ર કટકી ની વહેચણી ના ઝગડા ના કારણે થઈ રહ્યા છે તેવી ચર્ચાએ પાટનગર માં જોર પકડ્યું છે.મહાનગર પાલિકા ના તમામ કોન્ટ્રાક્ટ માં નાની મોટી ટેન્ડર રીંગ ની કટકી કાંડ થઈ રહ્યા ના આક્ષેપો જાહેર માં થાય છે.પાટનગર માં ભાજપ ના મોટા માથાઓ રહેતા હોવાથી કમલમ માં બેસતાં મીની સચિવાલય ની છાપ ધરાવતા હોદ્દેદારો.પક્ષ ના નેતાઓ મહાનગર પાલિકા ના ભાજપ ના સભ્યો ને સમજાવવામાં નિષ્ફળ ગયા હોય તેમ લાગી રહ્યું છે .જો પાટનગર માં આ હાલત ભાજપ શાશન ની હોય તો બીજે તો શું નહિ હોય?

# કેશોદના અજાબ ગામમાં ખુંખાર દિપડાનો આતંક

કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

જૂનાગઢના કેશોદના અજાબ ગામની સીમમાં ખેતરોમાં ખુંખાર દિપડો ફરી રહ્યો છે.ખેડુતોએ મોટા પ્રમાણમાં તુવેરની ખેતી કરી છે.જે તુવેરના ખેતરોમાં ખુંખાર દિપડો ફરી રહ્યો છે.છેલ્લા આઠ દિવસથી ફરી રહેલા દિપડાના કારણે ખેડુતો અને શ્રમિકોમાં ભારે ખોફનાક આતંક છવાઈ ગયો છે.વિજ પુરવઠા વિભાગ દ્વારા રાત્રીના સમયે વિજ પુરવઠો આપવામાં આવે છે ,જેના કારણે રાત્રે ખેતરમાં કામ કરતા ખેડુતો પર હુમલાની સંભવનાઓ વધી રહી છે.ખુંખાર દિપડાના હુમલાના ડરના કારણે ખેડુતોનું જીવન દોજખમાં મુકાઈ ગયું છે.બે દિવસ પહેલાં જ રાત્રીના સમયે ખુંખાર દિપડાએ હરીભાઈ લાલજીભાઈના ખેતરમાં કામ કરી રહેલા લોકો પર અચાનક હુમલાનો પ્રયાસ કર્યો હતો.જોકે ખેડુતોએ ભારે હુમરાડ મચાવી હતી અને ભાગી છુટવામાં સફળ રહ્યા હતા.જ્યારે દિપડાનો હિંસક હુમલાનો નિષ્ફળ પ્રયાસ રહ્યો હતો.દિપડાના હુમલાના પ્રયાસના કારણે ખેડુતો અને પરિવારજનોમાં ખોફનાક ડર છવાઈ ગયો છે.ખેડુતોએ સ્થાનિક મામલતદારને આવેદન પત્ર આપ્યું હતું.જેમાં ખુંખાર અને લોહી તરસ્યા દિપડાના આતંકના કારણે ઈલેક્ટ્રીક સપ્લાય રાત્રીના બદલે દિવસના સમયે આપવા માંગ કરી છે.જો દિવસના સમયે વિજ પુરવઠો આપવામાં આવે તો ખુંખાર લોહી તરસ્યા દિપડાના હુમલાની સંભવના ઓચી રહી અને ખેડુતો તથા તેમના પરિવારજનોની સલામતી પણ જળવાઈ રહે....

# કેશોદ શહેરમાં દિવાળી તહેવારો નિમિત્તે રાહત ભાવે ફટાકડાંનો સ્ટોલ શરૂ



કેશોદ:(રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં દિવાળી નાં તહેવારો નિમિત્તે રાહત ભાવે ફટાકડાં વેંચાણ નાં સ્ટોલ નું ઉદઘાટન મામા સરકાર રાજભા ચુડાસમાએ કરી પ્રારંભ કરાવ્યો હતો. દિવાળી નાં તહેવારો માં મધ્યમ વર્ગના પરિવારો વ્યાજબી ભાવે સારી ગુણવત્તા વાળાં ફટાકડાં ખરીદી શકે એ હેતુથી કેશોદ હિતરક્ષક સમિતિ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી બોમ્બે પ્રોવિઝન પાછળના મેદાનમાં આયોજન કરવામાં આવે છે. કેશોદ શહેર ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો માટે મોંઘવારી અને મંદીના સમયમાં આર્શીવાદરૂપ સાબિત થાય છે. કેશોદ હિતરક્ષક સમિતિ ના કન્વીનર રાજુભાઈ પંડ્યા એ જણાવ્યું હતું કે અમારો મુખ્ય ધ્યેય એક જ છે કે ચલો એક દિયા વહાં ભી જલાયે જહાં આજ ભી અંધેરા હૈ કેશોદ પંથકના દરેક વર્ગના પરિવારો વ્યાજબી ભાવે સારી ગુણવત્તા વાળાં ફટાકડાં ની ખરીદ કરી ઉત્સાહભેર તહેવારો ની ઉજવણી કરી નવલાં વર્ષ નું સ્વાગત કરે. કેશોદ હિતરક્ષક સમિતિ ના ફટાકડાં નાં સ્ટોલ પર બાળકો થી લઈને યુવાનો માટે વિવિધ ત્રણસોથી વધારે પ્રકારના ફટાકડાં રાખવામાં આવેલ છે. કેશોદ હિતરક્ષક સમિતિ-કેશોદ નાં કન્વીનર રાજુભાઈ પંડ્યા દાયકાથી સામાજિક સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા હોય જબ્બર લોકચાહના ધરાવે છે.જન્માષ્ટમી નાં તહેવારો પર પણ જનતા તાવડા નું આયોજન કરી સો રૂપિયા કિલો ફરસાણ મીઠાઈ વેચાણ ઉપરાંત કેશોદ રેલ્વે સ્ટેશન પર સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. કેશોદ શહેરના રહિશો નો ભારે ઘસારો પ્રથમ દિવસે જ જોવા મળ્યો હતો.

# નોકરી પૂર્ણ કરી પરત ફરતા એસ ટી ડ્રાઈવર ને નડ્યો અકસ્માત..

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર અમદાવાદ નેશનલ હાઈવે પર શેરપુરા પાટિયા નજીક ગુરુવાર ના રોજ શોર્ટ ડી આઈ અને બાઈકનો અકસ્માત સર્જાયો હતો વડગામ તાલુકાના નાનોસણા ગામના વતની ઉપેન્દ્રભાઈ ભાનુંશંકર રાવલ નો અકસ્માત થયો હતો બાઈક સવાર પાલનપુર થી નોકરી જઈને પોતાના ગામ તરફ જતા હતા તે વખતે રાજસ્થાન ની શોર્ટ ડી આઈ ગાડી રોંગ સાઈડથી આવી ને જોયા વગર રોડ ની વિરુદ્ધ દિશા માં આવી જતા બાઈક સવાર ને અકસ્માત થયો હતો અને ટોળું જોઈને ગાડી ડ્રાઈવર ફરાર થઈ ગયો અને લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને સ્થાનિક લોકોએ ૧૦૮ ને ફોન કરતા તાત્કાલિક છાપી ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી બાઈક સવાર ને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખેસેડવામાં આવ્યો હતા...

## ૧૭૦૮ શ્રમિકોને ૩૫ લાખથી વધુ સહાય અપાઈ

# શ્રમિકોને સાયકલ ખરીદવા રુપાણી સરકાર ૧૫૦૦ રૂપિયાની સહાય કરશે

## ૯૮૩૬ શ્રમયોગી અને પરિવારોને રૂ.૨ કરોડ ૩૨ લાખની વિવિધ સહાય અપાઈ, શ્રમિકોની આરોગ્ય તપાસ માટેની ૩ મોબાઈલ વાન અને મોબાઈલ એપને લોન્ચ કરાઈ

ગાંધીનગર,તા.૫

રાજ્યમાં શ્રમયોગીઓના ટ્રાન્સપોર્ટેશન માટે રાજ્ય સરકારે પોતાના કામના સ્થળે અવર જવર કરવા માટે રાજ્ય સરકારે 'સાયકલ સબસિડી યોજના' શરુ કરી છે. તે ઉપરાંત રાજ્યના કુલ ૯૮૩૬ શ્રમયોગી અને પરિવારોને રૂ.૨ કરોડ ૩૨ લાખની વિવિધ સહાય પણ આપવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમદાવાદ અને વડોદરામાં કુલ ૪.૫૯ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર ભવનોના ઈ-લોકાર્પણ તેમજ ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન દ્વારા ઝજીઈ અન્વયે ૩૫ લાખના અનુદાનથી શ્રમિકોની આરોગ્ય તપાસ માટેની ૩ મોબાઈલ વાન અને મોબાઈલ એપને લોન્ચ કરી.

રૂપાણીએ જણાવ્યું કે, રાજ્યના શ્રમિકો પોતાના પેટ માટે બ્રેડ-બટરની ચિંતા નહિ, પરંતુ રાષ્ટ્ર-રાજ્યના આર્થિક, ઔદ્યોગિક સર્વગ્રાહી વિકાસની જવાબદારી સાથે પોતાનું કામ કરે છે. રૂપાણીએ રાજ્યના શ્રમિકોને ઊદ્યોગોમાં અકસ્માતે મૃત્યુના કિસ્સામાં તેમના વારસદારોને રૂ. ૧ લાખની સહાયની શ્રમયોગી અકસ્માત મૃત્યુ સહાય યોજના સહિત શ્રમયોગીઓને પોતાના ઘરેથી કામકાજના સ્થળે જવા-આવવા માટે સરળ ટ્રાન્સપોર્ટેશન અન્વયે ''સાયકલ સબસિડી યોજના''ની પણ શરૂઆત કરાવી હતી. આ યોજના અન્વયે શ્રમિકોને સાયકલ ખરીદી માટે રાજ્ય સરકાર રૂ. ૧૫૦૦ની સહાય આપશે. આવા ૧૭૦૮ શ્રમિકોને ૩૩ લાખ ૩૦હજારની સહાય તેમણે આપી હતી. રૂપાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે કોરોના સંક્રમણમાં આવા શ્રમિકોને એકવાર પોતાના વતન-પરિવાર પાસે જવાની તેમની ઈચ્છા પૂર્ણ કરવા ૧૦ હજારથી વધુ ટ્રેન, ૨ હજારથી વધુ બસોની સેવાઓ આપીને આઝાદી પછીના સૌથી મોટા માઈગ્રેશનને સફળતાથી પાર પડયું છે. આ શ્રમિકો પણ હવે પરત આવીને પૂન: ઊદ્યોગ-વેપાર એકમોમાં જોડાઈ રહ્યા છે અને કોરોના સામેનો જંગ વિકાસ કામોની ગતિથી જીતવા ''હારશે કોરોના – જિતશે ગુજરાત''ને ચરિતાર્થ કરે છે. શ્રમયોગીઓના ૧૦૦ જેટલા સંતાન જેમણે સ્પર્ધાત્મક પરિક્ષાની તાલીમ મેળવી સફળતા પ્રાપ્ત કરીને સરકારી નોકરીઓ મેળવી છે તેમનું વર્ચ્યુએલ સન્માન કર્યુ હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CMYK